R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.67 ISSUE NO. 09 - DECEMBER 2024 - 56 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA, CFP Rajesh Gada
Village : Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village : Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village : Nagalpur
98205 20268
vikas@gadaharia.com

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર કિલક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી

**ડિસેમ્બર ૨૦૨૪**


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| સમાજ - સંસ્થાઓ - સમન્વય............. | અશ્વિન માલદે........................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ..................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન.......... | ૧૧ |
| પગ મેં ભમરી.......................................... એક સારું કામ બીજાને નોતરું આપે... | લીલાધર માણેક ગડા ................ | ૧૬ |
| ઘૂંટેલા આંક્ને ટપી જવું.............................. | ડૉ. ગુલાબ દેઢિયા...................... | ૨૧ |
| ''ગમ જિસને દિયે હૈ''................................ | CA સંજય ચંદન વિસનજી............. | ૨૪ |
| યુદ્ધ......................................................... | વસંત શાહ - કચ્છ કેસરી ........... | ૨૮ |
| લગ્નની ખોટી ઉજવણી ............................... | ડૉ. જોનકી કેતના સચીન શાહ ..... | ૩૦ |
| હમ્પી - યાત્રા........................................... | રાજેશ સાવલા.......................... | ૩૩ |
| માનસિક સ્વાસ્થ્ય........................................ | ડૉ.શિરીષ ચુનીલાલ માલદે.......... | ૩૭ |
| સાહિત્ય અમૃત .......................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૪૧ |
| પ્રતિભાવ - પ્રતિસાદ ................................ | | |
| પગદંડી ઑક્ટોર - નવેમ્બર ૨૦૨૪ અંક.... | જયંતી વાલજી ગોગરી................. | ૪૬ |
| Pagdandi November 2024 Issue | પ્રિતી વીરા................................ | ૪૭ |
| પગદંડી ને પત્ર | | |
| વિચાર વલોણું કરાય | ધનજી કાનજી છેડા -લઘુગોવિંદ.... | ૪૭ |
| ઉર્મિલહર.................................................. | સંપાદન : વિશન નાગડા............. | ૪૮ |
| સાંત્વન.................................................... | ............................................. | ૫૨ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી.......................... | કિરણ વિસરિયા ........................ | ૧૪ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

# તંત્રીસ્થાનેથી



## સમાજ - સંસ્થાઓ - સમન્વય

આપણો સમાજ જાગૃત સમાજ છે. પ્રગતિશીલ સમાજ છે. સમય સાથે તાલ મેળવનારો સમાજ છે. સમાજની જરૂરિયાતને જાણનારો સમાજ છે. ભવિષ્યનું વિચારનારો સમાજ છે.

અને એટલે જ આપણા સમાજનું, આપણી જ્ઞાતિનું નામ દરેક જ્ઞાતિમાં અદબ સાથે લેવાય છે.

આપણા સમાજના આવા ઘડતરમાં દૂરઃદેશીય ધરાવતા વખતોવખતના સામાજિક કાર્યકરોનો ફાળો અદ્વિતીય છે.

પાયાના પથ્થરોમાં સર્વ પ્રથમ બે નામ નજર સમક્ષ આવે :

શ્રી વેલજી લખમશી નપુ,

શ્રી ખીમજી માડણ ભુજપૂરિયા

પણ એવા બીજા અનેક છે, જેમણે પોતાની રીતે સમાજના ઘડતરમાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે.

અને આ સર્વે નામોની યોગ્ય કદર માટે આપણા સમાજનો ઇતિહાસ, મુંબઈના વસવાટ પછીના ઇતિહાસનું આલેખન થવું જરૂરી છે.

સમાજના આ પાયાના પથ્થરોએ સૌપ્રથમ શિક્ષણની મહત્ત્વતા પિછાણી. ઔદ્યોગિક ક્રાંતિને કારણે આવી રહેલ ફેરફારોને પિછાણ્યા. પ્રથમ વિશ્વયુદ્ધ, દ્વિતીય વિશ્વયુદ્ધ ને આપણી આઝાદી, બદલાતા સંજોગોની પરિકલ્પના કરી. તેમણે ન કેવળ શિક્ષણનો પ્રોત્સાહન આપ્યું, પરંતુ હર સંભવ સગવડ કરી આપી અને તે પણ જ્યારે છતનો જમાનો ન હતો ત્યારે.

આપણાં બે મહાજનો તો હતાં જ. પરંતુ શિક્ષણ ક્ષેત્રે

- દેરાવાસી મહાજનની પાલાગલી શાળા

- સ્થાનકવાસી મહાજનની ચિંચપોકલી શાળા

- માટુંગા બોર્ડિંગ (શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય)

- ભાણબાઈ નેણશી મહિલા છાત્રાલય

- સર્વોદય કેન્દ્ર

અભ્યાસમાં સહાયભૂત થવા માટે

- ધનજી દેવશી કેળવણી ફંડ

- માતુશ્રી મણિબેન શિવજી દેવજી કન્યા કેળવણી ફંડ

અને સમય પ્રમાણે તાલ મેળવી એમાં ફેરફાર આવતાં ગયા.

શ્રી ક.વી.ઓ. સેવા સમાજની સ્થાપના થઈ.

- શિક્ષણને પ્રોત્સાહન આપનારા આવ્યા, શૈક્ષણિક સન્માન સમારંભો આવ્યા .

- બુક બેન્ક આવી

- દેશ-પરદેશમાં ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મોટી રકમની શૈક્ષણિક લોન/સ્કોલરશિપ આવી.

વીસમી સદીની શરૂઆતમાં થયેલ આ અભિગ્રહ સમયસમયના ફેરફાર સાથે ૭૦-૮૦ના દાયકા સુધી ચાલુ રહ્યો.

આ વર્ષોમાં આપણા સમાજનો મોટા ભાગનો હિસ્સો મુંબઈમાં વસવાટ કરતો થઈ ગયો.

આપણા સમાજના તત્કાલીન કાર્યકરો

દૂરદેશીયતા ધરાવતા,

પ્રગતિશીલ વિચારધારા ધરાવતા,

સમાજની નાડ પિછાણનારા,

હૃદયમાં અનુકંપા અને આદ્રતા ધરાવનારા,

સમાજને દિશા-સૂચન કરી શકનારા,

કોઈની પણ શેહમાં ન આવનારા,

શરૂઆતના સમયગાળામાં મુખ્યત્વે ત્રણ કેન્દ્રીય સંસ્થાઓ હતી :

શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન અને પાછળથી

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ

આ ત્રણે એકમેકના પૂરક બની રહ્યા અને સમસ્ત સમાજ આ સંસ્થાઓની અદબ જાળવતો રહ્યો.

સમય સાથેનું પરિવર્તન નવી જરૂરિયાતો લઈ આવ્યો, નવા પ્રશ્નો લઈ આવ્યો.

શિક્ષણમાં કરેલ રોકાણને કારણે આપણો સમાજ દાણાની દુકાનમાંથી ધંધાનાં દરેક ક્ષેત્રમાં છવાતો ગયો.

નવી નવી સંસ્થાઓ આવી.

નવા નવા સામાજિક કાર્યકરો આવ્યા.

નવા નવા કાર્યકરો નવી માનસિકતા સાથે લઈ આવ્યા.

૭૦-૮૦-૯૦ના દાયકા સુધી કોઈ પણ અદનો આદમી કોઈ પણ સંસ્થાના કોઈ પણ પદ પર પહોંચવાની યોગ્યતા રાખતો હતો.

હવે આ યોગ્યતાના માપદંડ બદલાઈ રહ્યા હોય એવું લાગ્યા કરે છે.

પહેલાં દાનેશ્વરીઓ દાન આપતા અને કાર્યકરો પ્રવૃત્તિઓ કરતા, હવે દાન આપનારા પણ સંસ્થાના સંચાલનમાં સહભાગી બની રહ્યા છે.

દિશા સૂચન કરનારા કાર્યકરોની ખોટ વર્તાઈ રહી છે.

અનુકંપા અને આદ્રતાનું સ્થાન દયા લઈ રહી હોય એવું જણાઈ રહ્યું છે.

સહાયની પ્રવૃત્તિનું પ્રમાણ વધતું ચાલ્યું છે.

દાન આપનાર અને જરૂરિયાતમંદોની ખાઈ વધુ ને વધુ પહોળી થતી જાય છે.

વટનો કટકો આપણો સમાજ હાથ લંબાવતો થઈ ગયો છે.

લાડકી બહેનનો લાભ લેવાની સહાયભૂત થવાની જાહેરાતો આવી રહી છે.

રૂઢિચુસ્તતા કદાચ વધતી જાય છે.

આયોજનો વિશાળ, જાજરમાન અને ખર્ચાળ બની રહ્યાં છે.

નાનામાં નાના પ્રસંગ માટે પણ...

સંસ્થાઓની વાત કરીએ તો...

દરેક ગામની સંસ્થા, લત્તાની સંસ્થા,

મહિલાની સંસ્થા, યુવાનોની સંસ્થા,

ધાર્મિક સંસ્થાઓ, મહાજનો, વ્યાવસાયિકોની સંસ્થા

શૈક્ષણિક સંસ્થાઓ, કુળદેવીઓની સંસ્થા

અને એવી તો કેટલીય અન્ય.

ધાર્મિક અને એવી કેટલીક સંસ્થાઓ જવા દઈએ તો બાકીની દરેક માટે કરવી જોઈતી પ્રવૃત્તિ લગભગ સરખી જ શૈક્ષણિક, વૈદ્યકીય અને સામાજિક.

એનાં કાર્યક્ષેત્ર અલગઅલગ હોય તો ઠીક છે. નહીં તો પ્રશ્નો ઊભા થવાના જ.

દરેક એકમેકથી ચઢિયાતા બનવાની કોશિશ કરવાનું.

ક્યારેક હરીફાઈનું તત્ત્વ પણ આવી જાય. હરીફાઈ તંદુરસ્ત હોય તો ઠીક, પણ એકબીજાને ઉતારી પાડવાની કોશિશ નિવારવી જરૂરી.

સમાજની આ નવી સંસ્થાઓમાં નવી કેન્દ્રીય સંસ્થાઓ પણ આવી.

કોઈક સંસ્થા પાસે ફંડો ખપ પૂરતાં છે. કોઈની પાસે નાણાંની રેલમછેલ છે.

સંસ્થાની સભ્યપદ ફી, મહાજનના ફોડાથી લઈને ક્યાંક સેંકડામીં, કયાંક હજારોમાં તો ક્યાંક અધધ... છે,

પરંતુ એક વાત ચોક્કસ છે.

દરેકને સમાજના જનસામાન્ય માટે કાર્ય કરવું છે. તો...

શા માટે આપણી જનસામાન્ય માટેની પ્રવૃત્તિઓ જનસમુદાય માટે વધુ સરળ ન બનાવીએ ?

શા માટે એકમેકથી હરીફાઈ કરીએ ?

શા માટે કોઈકને પોતાની વૈદ્યકીય જરૂરિયાત માટે સમાજની વિવિધ સંસ્થાઓના આંટા ફેરા કરવા પડે ?

શા માટે કોઈકને શૈક્ષણિક ખર્ચને પહોંચી વળવા માટે વિવિધ સંસ્થાઓ પાસે અરજીપત્રકો ભરવા પડે ?

નવી કે જૂની દરેક સંસ્થા પાસે કોઈક પ્રવૃત્તિની માટે વિશેષ કાબેલિયત હોય છે.

શા માટે એ કાબેલિયત પિછાણીએ અને એ સંસ્થાને એ પ્રવૃત્તિ માટે અગ્રેસર સંસ્થા બનાવી એના પૂરક ન બનીએ ?

શા માટે અરજીઓ સ્વીકારવાનું અને રકમ ફાળવવાનું એક કેન્દ્રીય સ્થાન ન બનાવી શકીએ ?

શા માટે સંસ્થાની ચૂંટણીઓને એક મોટો મુદ્દો બનાવીએ.

ચૂંટણી કરવી અને નિવારવી બન્ને ચર્ચવા જેવા મુદ્દાઓ છે.

શા માટે સરખી પ્રવૃત્તિઓ માટે હોડમાં ઉતરીએ.

શા માટે આપણે આપણા સંસાધનોનો વધારે સારો ઉપયોગ ન કરીએ.

શા માટે આપણે એકમેકના સમન્વયથી કામ ન કરીએ.

**- અશ્વિન માલદે (ભુજપુર)**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે



ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન

## વિચારકણિકા

### તરુણ અવસ્થાની સમસ્યાઓ અને આપણે

બાળકો જ્યારે મોટાં થઈ તરુણ અવસ્થા તરફ પ્રયાણ કરે છે. ત્યારે એમનામાં થતા શારીરિક - માનસિક ફેરફારો એમની અંદર શરીરમાં હૉર્મોન્સના ફેરફારોને આધીન હોય છે. તરુણ અવસ્થામાં આવેલ બાળકોનાં વર્તન-વિચાર-વાણીમાં ખૂબ જ પરિવર્તન જોવા મળે છે. તરુણ વયની સાથે રોજબરોજનાં વ્યવહાર અને વર્તનમાં થતા બદલાવને ચોક્કસ દિશા આપવામાં ન આવે તો ક્યારેક પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક વળાંક લઈ લે છે અને તરુણ બાળકના ભવિષ્યની કારકિર્દી ઉપર અવળી અસર થવાની શક્યતા નકારી ન શકાય.

તરુણ અવસ્થા એટલે ૧૩ વર્ષની ઉમરથી ૧૯ વર્ષની ઉંમરના સમયગાળાને તરુણ અવસ્થા તરીકે ઓળખાય છે. આ સુંદર સમયગાળા દરમિયાન તરુણનાં સ્વભાવ-વર્તન-શારીરિક ફેરફારોને લીધે ઉદ્‌ભવતી સમસ્યાઓ ઉપર વિચાર કરીએ.

સૌપ્રથમ મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાના સતત વધી રહેલા વ્યાપ સાથે તરુણો ઉપર પડી રહેલ પ્રતિકૂળ અસરો હવે ચિંતાજનક લેવલથી ઉપર ગયેલ છે. મોટાં ભાગનાં માતા-પિતા એ તેમનાં સંતાનોને મીડિયા એપ્લિકેશન તેમ જ ગૅમિંગ પ્લૅટફૉર્મ્સનું વળગણ હોવાનું માન્ય કરેલ છે તેમ જ આવાં વ્યસનોના લીધે તરુણોની વર્તણૂકમાં ફેરફાર ઉપરાંત અધીરાઈ અને લાંબા રાતના જાગરણના લીધે સુસ્ત થતા જોવા મળે છે. મોબાઈલ ફોન એક ખૂબ જ સુંદર અને આજના જમાના પ્રમાણે જરૂરી આવિષ્કાર છે અને આખી દુનિયાના સોશિયલ પ્લૅટફૉર્મ્સ તમારી મૂઠીમાં છે અને તરુણોમાં આ સોશિયલ મીડિયાની વપરાશ હદથી વધારે જોવા મળે છે અને એની આડઅસરોથી ચિંતિત કેટલાય દેશો તરુણ અવસ્થાના યુવાનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ લાવવાની તૈયાર કરી રહ્યા છે. આ મોબાઈલ ઉપર આવેલ સોશિયલ મીડિયાનો સંયમપૂર્વકનો ઉપયોગ એટલો ફાયદાજનક છે અને હવે તો શિક્ષણ માટે ઘણી વખત અનિવાર્ય પણ છે. તો સિક્કાની બે બાજુની જેમ આનો Juidical (સંયમ સાથેનો) ઉપયોગ આપણા તરુણો કરે એ જોવાની અને એમને આ સમજણ આપવાની

આપણી ફરજ બની રહે છે. તરુણોને અભ્યાસ સિવાયના ફુરસદના સમયનો સદ્ઉપયોગ વાંચન-મેદાની રમતો અને વડીલો સાથેના સંવાદ તરફ લઈ જવાની આપણી ફરજ બની રહે છે.

આવો જ બીજો મહત્ત્વનો મુદ્દો છે તરુણ અવસ્થાની મિત્રતા. મિત્રો તરુણ અવસ્થામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે અને આ સમયગાળામાં તરુણો પોતાના મિત્રોની વાતો મા-બાપ કરતાં વધુ સાંભળે છે અને માને છે. મિત્રોની વર્તણૂકનું આંધળું અનુકરણ કરે છે અને વર્તનની નકલ પણ કરે છે. આજના મોબાઈલ જમાનામાં મિત્રો જોડે કલાકોના કલાકો વાર્તાલાપ કરે છે. મિત્રવર્તુળ ઉપર ક્યારેક તરુણનું ભવિષ્ય નિર્ભર રહે છે. એટલે મિત્રવર્તુળનું જો બારીકાઈથી નિરીક્ષણ કરવું જરૂરી બની જાય છે. સારા-નરસા બંને જાતના મિત્રો હોય છે. સારા મિત્રોની સંગતે તરુણમાં સારા ગુણોનું આરોપણ થાય છે. અભ્યાસ અને આગળની કારકિર્દીમાં નિર્માણમાં અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે ખરાબ મિત્રોની સંગતે તરુણોમાં ખોટી આદતો જેવી કે સ્મોકિંગ, દારૂ-ડ્રગ્સના રવાળે ચડી જાય છે, જ્યાંથી પાછા ફરવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે અને ખોટી મિત્રતાના કારણે અભ્યાસ ઉપર આડી અસરો જોવા મળે છે અને પૂરતા અભ્યાસના અભાવે સારું રિઝલ્ટ આવતું નથી અને જોઈતી કારકિર્દીમાં જઈ શકાતું નથી એટલે યુવા માતા-પિતાની ફરજ થઈ જાય છે કે તરુણોના મિત્રવર્તુળ ઉપર ચાંપતી નજર રાખે, વાર તહેવારે એમને આપણા ઘરે બોલાવી તેમની જોડે વાર્તાલાપ કરી એમની સાચી ઓળખાણ કરી લેવી જોઈએ. મિત્રો જોડે પણ મિત્રતા કેળવવી જોઈએ, જેથી આપણી સાથે ખુલ્લા મને વાતો કરતા થઈ જાય.

એક સંવેદશીલ મુદ્દો આજના સમયમાં ખૂબ જ જોવા મળે એ છે. તરુણ અવસ્થાનો પ્રેમ, જેને Teenage Love તરીકે આપણે સાંભળીએ છે. આ ઉંમરમાં શારીરિક અને હૉર્મોન્સના ફેરફારના લીધે વિજાતીય આકર્ષણ ખૂબ જ કૉમન જોવા મળે છે. કૉલેજમાં Co-Educationના લીધે એકબીજાનો સંપર્ક ખૂબ જ સહેલો હોય છે અને નિકટતા વધતા આ Teenage Loveમાં શારીરિક આકર્ષણ તરફ એ ખેંચાય છે અને આના લીધે અભ્યાસ તરફ ધ્યાન ઓછું થતું જાય છે અને ક્યારેક નાસમજના લીધે તરુણ-તરુણીઓ ખૂબ જ આગળ વધી જાય છે અને પછીનાં પરિણામો ચિંતાજનક હોય છે. આ બધાં આકર્ષણો ક્ષણજીવી હોય છે. અને પછી Break-up અને માનસિક તણાવ ખૂબ જ કૉમન જોવા મળે છે. તરુણો આ બધી પરિસ્થિતિથી ટેવાયેલા ન હોવાથી જલદીથી ખરાબ આદતો (દારૂ-સ્મોકિંગ-ડ્રગ્સ) તરફ વળી જાય છે. અને છેવટે ડિપ્રેશનનો ભોગ બને છે. અભ્યાસ અને કારકિર્દી જોખમાઈ જાય છે. આ બધા

સામાન્ય પ્રશ્નો તરુણોમાં ખૂબ જ પ્રમાણમાં જોવા મળે છે. આ સાથે આપણે એ વિચારવું રહ્યું કે મા-બાપ તરીકે આપણી ફરજો શું છે. નાનું બાળક જ્યારે પ્લેગ્રુપ, નર્સરી અથવા JR KG કે SR KG માં હોય છે ત્યારે જેટલું ધ્યાન મા-બાપ પોતાના બાળક ઉપર આપે છે, એનાથી વધારે ધ્યાન અને સંભાળ તરુણ અવસ્થાના યુવાનો ઉપર રાખવાનું છે. આ ઉંમરે તમારા તરુણોને બાળક ન સમજતા તમારા મિત્રો તરીકે એમની સાથે વ્યવહાર કરશો. તો આજનો યુવાન તમારી સાથે પોતાની બધી વાતો કરશે અને એને તમે યોગ્ય દિશા બતાવી શકશો.

આજનો તરુણ આજના સોશિયલ મીડિયા ના જમાનામાં ક્યાંય ગુંચવાઈ ન જાય માટે સતત મિત્ર તરીકે એને સાથ આપતા રહેવાનું છે. એના અભ્યાસના વિષયોમાં રુચિ લેવાની છે. યોગ્ય માર્ગદર્શન માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. આજનો તરુણ ખૂબ જ હોશિયાર અને સંવેદનશીલ હોય છે. ફક્ત અને ફક્ત યોગ્ય દિશાસૂચન અને હૂંફ એમને એક સારા કુટુંબના વારસદાર તરીકે અને દેશ માટે સારા નાગરિક તરફ લઈ જશે.

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co । **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

INCREDIBLE INDIA

# વિરૂપક્ષ મંદિર હમ્પી (કર્ણાટક)



પગદંડીના મુખપૃષ્ઠને શોભાવનાર વિજયનગરમાં ૭મી સદીમાં નિર્માણ પામેલા ઐતિહાસિક અને શિવના એક સ્વરૂપ એવા **વિરૂપક્ષ**ના મંદિરની તસવીર છે જે હમ્પી (કર્ણાટક)માં આવેલ છે. હમ્પી બજાર પાસે અને તુંગભદ્રા નદીના કિનારે ૯ માળના ૧૯૫ ફિટ ઊંચા, કલાત્મક કારીગરીથી શોભતા **ગોપુરમ** (પ્રવેશદ્વાર)માં પ્રવેશ કરતાં જ વિશાળ પ્રાંગણ છે જેમાં ડાબી બાજુએ ૧૦૦ થાંભલાવાળો ખુલ્લો હૉલ છે જેને મંડપમ કહેવાય છે. અહીં દરેક જૂનાં મંદિરોમાં આવા ત્રણથી ચાર મંડપમ હોય છે જેને વિશ્રામ મંડપમ, ધ્યાન મંડપમ, પ્રસાદ મંડપમ, કલ્યાણ મંડપમ, ભજન મંડપમ જેવાં નામોથી ઓળખવામાં આવે છે જેથી તરત ખબર પડી જાય કે એ કયા કાર્યો માટે વપરાય છે.

૭મી સદીમાં ફક્ત એક નાનકડું વિરૂપક્ષ મંદિર બાંધવામાં આવ્યું જેનો વિકાસ મુખ્યત્વે ૯મી સદીમાં થયો. કોઈક અન્ય રાજ્યના રાજાએ અહીંની મુલાકાત લીધી એની યાદગીરીરૂપે અહીં વિરૂપક્ષની પાસે તેમનાં પત્ની **પાર્વતી** ઉર્ફે **પંપાવતી**નું મંદિર અને કર્ણાટક રાજ્યનાં આરાધ્ય દેવી **ભૂભનેશ્વરી** માતાનું મંદિર બાંધવામાં આવ્યું. ૧૬મી સદીની શરૂઆતમાં શ્રી ક્રિષ્નદેવરાયાએ શાસનની ધુરા સંભાળી ત્યારે વિરૂપક્ષ મંદિરનો કલાત્મક ગોપુરમ અને સાથે કલ્યાણ મંડપમનું નિર્માણ કરી હકીકતમાં હિંદુ ધર્મના એક પવિત્ર યાત્રાધામ તરીકે સ્થાપિત કરી દીધું એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

અહીં એક ઓરડામાં એક નાનકડું છિદ્ર રાખવામાં આવ્યું છે જેમાં બહારથી આવતા સૂર્યપ્રકાશના કિરણથી બહારના વિશાળ પ્રવેશ દ્વારનો ઊલટો પડછાયો સામેની દીવાલ ઉપર પડે છે. જે P Hole ટેક્નૉલૉજી કૅમેરાની શોધ વખતે વાપરવામાં આવી હતી એ જ અહીં સદીઓ પહેલાં વિરૂપક્ષ મંદિરમાં વાપરવામાં આવી છે. કેવા વિદ્વાન આર્કિટેક્ટ અને કુશળ કારીગરો હશે એ સમયમાં એ વાત ખરેખર આશ્ચર્ય પમાડનારી છે.

અહીં કલ્યાણ મંડપમના દરેક થાંભલા પર કેટલીય પૌરાણિક કથાઓના પ્રસંગો કંડારવામાં આવ્યા છે, પણ સૌથી વિશેષ આકર્ષણનું કેન્દ્ર ઉપર છત પર સદીઓ પહેલાં વનસ્પતિથી બનેલા રંગોનો ઉપયોગ કરી બનેલા સુંદર પેઇન્ટિંગ છે.



ચારેબાજુ ખંડિત થઈ ગયેલા હજારો મંદિરોના અવશેષોથી ઘેરાયલું **વિરૂપક્ષ** એકમાત્ર ચમત્કારિક મંદિર છે જે સ્થાપના થઈ ત્યારથી આજ દિન સુધી પૂજા-અર્ચના અને યાત્રિકોના જયનાદથી ગુંજતું રહે છે.

વિરૂપક્ષ મંદિરની બહાર નીકળતાં જ રસ્તાની બંને બાજુએ લગભગ એક કિલોમીટર સુધી તમને જર્જરિત અવસ્થામાં પથ્થરના સેંકડો થાંભલા પર છત સાથે નાનાનાના ગાળા (દુકાનો) બનેલા હોય એવું પ્રતીત થશે. આ વિજયનગર સામ્રાજ્યની પ્રખ્યાત વિરૂપક્ષ માર્કેટ હતી જ્યાં ફક્ત સોના–ચાંદી, હીરા-માણેક અને ઝવેરાતની દુકાનો હતી જેમાં આજે શાકભાજી વેચાય છે એમ એ વખતે કીમતી જણસો વેચાતી.

એક વખત ફક્ત કલ્પના તો કરી જુઓ, શું સમૃદ્ધિ અને જાહોજલાલી હશે આ વિજયનગર સામ્રાજ્યની અને કદાચ ભારતના એ સુવર્ણકાળને ગીતકારે **જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા... વો ભારત દેશ હૈ મેરા** જેવા શબ્દો દ્વારા ભારતની સમૃદ્ધિનું સચોટ વર્ણન કર્યું છે.

પેઇન્ટિંગ્સમાં વિજયનગર સામ્રાજ્યના સ્થાપક બંને ભાઈઓ હરિહર અને બુક્કા સાથે એમના ગુરુ શ્રી વિદ્યારણ દ્વારા હિંદુ રાજ્યની સ્થાપનાનો પ્રસંગ મહાભારતમાં બાણ વડે પક્ષીના આંખનું નિશાન લગાવતા અર્જુનનો પ્રસંગ, ભગવાન વિષ્ણુના દસ અવતાર વગેરેનો સમાવેશ થાય છે. આ કલ્યાણ મંડપમનો ઉપયોગ ધાર્મિક અનુષ્ઠનો, લગ્ન પ્રસંગો, કથાઓ, રાજ્યાભિષેક, ધાર્મિક રથયાત્રાઓ જેવા પ્રસંગો માટે કરવામાં આવતો. અહીં દરેક મોટા મંદિર પાસે એક તળાવ જેવો મોટો હોજ બનાવવામાં આવતો જેને **પુષ્કર** કહેવાય છે અને એમાં રહેલા પાણી નો ઉપયોગ અહીં ઊજવાતા ધાર્મિક પ્રસંગો વખતે કરવામાં આવતો.

*ફોટો અને માહિતી :*
*કિરણ વિસરિયા (કોટડા રોહા)*
*મો.: ૯૩૨૨૨ ૩૪૮૪૭*



## પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા-અધા

# એક સારું કામ બીજાને નોતરું આપે...

સને ૨૦૧૨માં બિદડાના હીરાલાલભાઈ સાવલાએ બિદડા પાંજરાપોળમાં વાછરડાંનો વધારો થતાં, તેમની જ્યાં જરૂરત અને ખપત હતી એવા આદિવાસી જિલ્લા છોટા ઉદેપુરન ક્વાંટ તાલુકામાં મોકલવાની વ્યવસ્થા ગોઠવી. એને કારણે ગાંધીવાદી વિચારસરણી ધરાવતા રતન ભગતનો પરિચય થયો. રતન ભગત આદિવાસી સમાજમાં આદરણીય વ્યક્તિ છે. તેઓ ત્યારે ભેખડિયા ગામમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની માટે હૉસ્ટેલ ચલાવતા હતા. જેનો લાભ બસ્સોથી વધારે બાળકોને મળતો હતો અને એટલી જ સંખ્યાનાં બાળકોને નારાજ કરી પાછાં મોકલવાં પડતાં હતાં. વધારે બાળકોનો સમાવેશ થઈ શકે તેમ ન હતું. માનસી સંસ્થાનાં ગીતા ગાલા અને હીરાલાલભાઈએ રતન ભગતનો સાથ લઈ ક્વાંટ તાલુકામાં બાળ આરોગ્ય શિબિરો શરૂ કરી. એ શિબિરોમાં ફલિત થયું કે બાળકોની આંખો પ્રમાણમાં નબળી હતી જેનું કારણ કુપોષણ સંભવી શકે. વડોદરાના આંખના સર્જન ડૉ. વિશાલ દેઢિયા (મૂળ ગામ ગુંદાલા)ની સલાહ લેવામાં આવી. એમના મતે શાળા જતા વિદ્યાર્થીઓની આંખોની તપાસ જરૂરી હતી.

ટૂંકી નજર હોય તેવા વિદ્યાર્થીઓ બ્લૅકબોર્ડ પર લખવામાં આવેલું લખાણ સ્પષ્ટ રીતે જોઈ શકતા નથી એટલે ધીમેધીમે તેઓ શિક્ષણ પ્રત્યે બેધ્યાન થઈ જાય છે અને આવા વિદ્યાર્થીઓ થોડા સમય પછી અભ્યાસ અધવચ્ચે છોડી દે છે. ગામડાંમાં વિદ્યાર્થીઓની આંખો તપાસી, ચશ્માંના નંબર કાઢી આપવાની સુવિધા નથી તેથી ગામડાંની શાળાઓમાં ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓની સંખ્યા ગણના પાત્ર હોય છે. ડૉ. વિશાલ દેઢિયાએ જણાવ્યું કે જો માનસી સંસ્થા આદિવાસી વિદ્યાર્થીઓની આંખો તપાસી, જરૂરી ચશ્માં આપવાનો પ્રોજેક્ટ કરે તો તેઓ પોતાના સ્ટાફની સેવાઓ ઉપલબ્ધ કરી આપશે અને માનસી સંસ્થાએ ૨૦૧૩માં ક્વાંટ તાલુકાની શાળાઓ અને હૉસ્ટેલોના તમામ વિદ્યાર્થીઓની આંખ તપાસણી, ચશ્માં વિતરણ અને કોઈક વિદ્યાર્થીને આંખની અન્ય બીમારી માટે જરૂરી ઑપરેશનની તમામ સુવિધાઓ આપવાનો માસ્ટર પ્લાન હીરાલાલભાઈ સાવલાના નેતૃત્વ હેઠળ તૈયાર કર્યો.

પ્રતિ પખવાડિયે માનસી-બિદડાથી ૭૫૦ કિલોમીટર દૂર ક્વાંટ તાલુકામાં કામગીરી કરવાની હતી એટલે કાળજી અને ચીવટથી તૈયારી કરવામાં આવી. માનસીથી તૂફાન ગાડી આંખો તપાસવાનાં સાધનો, જરૂરી દવાઓ, નંબર કાઢી આપવા માટે રીફ્રેકટોમીટર, ચશ્માંની પેટી, વિઝન ચાર્ટ સાથે ત્રણ દિવસ માટે જાય. હીરાલાલભાઈ સાથે બિદડાથી અનુકૂળતાએ ગીતા જોડાય, વડોદરાથી ડૉ. વિશાલ દેઢિયાનાં આસિસ્ટન્ટ અદનાનભાઈ અને ચશ્માં બનાવનાર ફીદા હુસેન જોડાય. અઠવાડિયા અગાઉ તાલુકા શિક્ષણ અધિકારી નિશ્ચિત શાળાઓને માનસી ટીમની મુલાકાતના સમયની અગોતરી જાણ અને સૂચના આપી દે. ઓપ્ટીમેટ્રીસ અદનાનભાઈ આંખોની તપાસ અને નિદાન બહુ ચોક્કસાઈથી કરે અનો એટલી જ ચોક્કસાઈ ફીદા હુસેન બાળકોના નંબર કાઢવામાં દાખવે. ટૂંકી નજરનાં બાળકોના નંબર કાઢવામાં લે. તે પછીના પંદર દિવસમાં દરેક શાળામાં વિદ્યાર્થીને ચશ્માં પહોંચાડવામાં આવે. જે વિદ્યાર્થીનો વધારે તપાસ કે મોતીયો, કોલોષોમા જેવી બીમારી માટે વડોદરા મોકલવામાં આવે. દોઢ વરસ ચાલેલા આ કાર્યક્રમ હેઠળ ક્વાંટ તાલુકાની ૨૪૭ શાળાઓ અને હૉસ્ટેલોના કુલ ૨૬,૦૦૦ વિદ્યાર્થીઓને તપાસવામાં આવ્યા, ૪૦૫૦ ટૂંકી નજરનાં બાળકોને ચશ્માં આપવામાં આવ્યાં અને ૨૧ વિદ્યાર્થીઓની આંખોનાં ઑપરેશનો થયાં. સમગ્ર પ્રોગ્રામમાં સમય-શિસ્ત અંગે બહુ કાળજી લેવાઈ હતી જેથી કોઈ પણ શાળામાં દશ મિનિટથી વધારે મોડું થયું ન હતું. માનસી સંસ્થાએ આ કાર્યક્રમ ગયા વર્ષથી કચ્છના લખપત તાલુકાની શાળાઓ માટે શરૂ કર્યો છે.

એક સારું કામ બીજા કામમાં જોડાવા નોતરું આપે છે એ ન્યાયે કચ્છની પાંજરાપોળમાં વાછરડાંને ક્વાંટ મોકલવાનું કામ, આદિવાસી વિદ્યાર્થીઓ અને બાળકોની આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ તરફ દોરી ગયું. આદિવાસી જનઉત્થાન ટ્રસ્ટે ભોખડિયામાં મંદબુદ્ધિની બાળકીઓ માટે માનસી જેવી જ સંસ્થા **'માનસી-આજ'** શરૂ કરી છે. ૨૦૧૩માં અમારી રતન ભગતની મુલાકાત ભોખડિયામાં થઈ. એમની શિક્ષણ તથા ગૃહઉદ્યોગની પ્રવૃત્તિ માટે ત્યારે જરૂરી આર્થિક સહકાર આપ્યો. રતન ભગત અને સંસ્થા આદિવાસી જનઉત્થાન ટ્રસ્ટે ઘણી કટોકટીઓનો સામનો કર્યો છે. અધિકારીઓની અપેક્ષાઓ સંતોષાઈ નહીં એટલે કનગડત, આદિવાસી સમાજની ઉદાસીનતા અને ભદ્ર સમાજની બેફીકરાઈ વચ્ચે રતન ભગતે શિક્ષણ સેવાયજ્ઞ ચાલુ રાખ્યો છે. અને શિક્ષણજ્યોત રાજ્યની સરહદ વટાવી મધ્ય પ્રદેશ સુધી લઈ ગયા છે. આજે આદિવાસી જનઉત્થાન ટ્રસ્ટ મધ્ય પ્રદેશના આદિવાસી જિલ્લા અલીરાજપુરના

સોંઢવા તાલુકાના થરવાટા ગામમાં ત્રણસો વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળા ચલાવે છે અને એમના ભેખડિયાશ્રી આશ્રમ શાળામાં ૨૮૦ વિદ્યાર્થીઓ છે. સંસ્થાને છસો બાળકો માટે બોર્ડિંગ અને અભ્યાસ માટે પ્રતિ વર્ષ રૂા. ૩૩ લાખનો ખર્ચ આવે છે. સંસ્થા પાસે કાયમી ભંડોળ નથી, ફિક્સ ડિપૉઝિટ નથી, છતાં ઈશ્વર પર ભરોસો રાખી વર્ષોથી શિક્ષણનું આ શુભ કાર્ય કરી રહે છે. આદિવાસી સમાજની પ્રથમ ડૉ. પૂર્વી રાઠવા આ છાત્રાલયમાં ભણી છે.

હું ઑક્ટોબરના બીજા અઠવાડિયામાં વડોદરાથી નસવાડી ગયો હતો. રતન ભગત મને મળવા ભેખડિયાથી નસવાડી આવ્યા. હકીકતમાં તો મારે ત્યાં જવું જોઈએ. એમણે એમની શિક્ષણ પ્રવૃત્તિઓ વિષે વિગતે વાતો કરી ત્યારે આંખો આનંદથી છલકાઈ ગઈ. આજે તેઓ છસો આદિવાસી વિદ્યાર્થીઓનું શિક્ષણ-જીવનઘડતર કરી રહ્યા છે. આદિવાસી બાળક ઘરે રહી શાળામાં જાય તો અધવચ્ચે ભણતર મૂકી દેવાનું, સહજ હોય છે, જ્યારે તે આશ્રમ શાળામાં રહે છે, ત્યારે એ બાળક દસ ધોરણ સુધી અભ્યાસ પૂર્ણ કરે છે. રતન ભગતના નિષ્ઠા, પારદર્શકતા, કરકસરના ગુણો મહાજન પરંપરાની પ્રતીતિ કરાવે છે. વડોદરાની શ્રી મહારૂદ્ર હનુમાન મંદિર સેવા સંસ્થાએ રતન ભગતને આદિવાસી જનઉત્થાન સંસ્થાની ત્રણ આશ્રમશાળાઓ ઉપરાંત અન્ય દસ શાળાઓમાં રાશન, અનાજ, પાઠ્ય પુસ્તકો અને સ્ટેશનરી ઈત્યાદિની આપૂર્તિ અને વહેંચણીનું કાર્ય સોંપ્યું છે. આજે રતન ભગતને ૧૩ આશ્રમશાળાના ૧૪૦૦ વિદ્યાર્થીઓને માટે પ્રતિવર્ષ રૂા. ૭૭ લાખનું ભંડોળ શ્રી મહારૂદ્ર હનુમાન મંદિર ટ્રસ્ટ આપે છે. આની કોઈ જાહેરાતો નથી થતી કોઈ સમારંભો થતા નથી, કોઈ ફોટાઓ-પરિપત્રો - મીડિયા ન્યૂઝ નથી હોતા. રતન ભગતના જણાવ્યા મુજબ કુલ ૯૦ લાખના બજેટ સામે ૭૭ લાખ મળે છે. જ્યાં બાકીની ખૂટતી રકમ માટેનું અનુદાન વર્ધમાન સંસ્કાર ધામ અને અન્ય દાતાઓ તરફથી મળતું રહે. કોઈ વર્ષ ઘટાડો આવે તો બીજા વર્ષે ઈશ્વર કોઈને મોકલી સરભર કરી આપે છે. મોટું ફંડ ભેગું કરવું નથી. સત્કાર્યોની જ્યોત જલતી રાખવાની, કોડિયામાં તેલ પૂરવાની જવાબદારી ઈશ્વરની છે, કારણકે શુભ કાર્યો ઈશ્વરનાં છે જે માટે આપણે નિમિત્ત માત્ર છીએ. બેઠી દડીના, વગર ઈસ્રીનાં ખાદીનાં વસ્ત્રોમાં, ક્યારેક ઉઘાડપગા ફરતા રતન ભગત ગાંધીયુગના આખરી પ્રતિનિધીઓ પૈકીના છે. એમના સત્કાર્યમાં ભાગીદાર અને સાથી બનવા આપ વાચકોને નિમંત્રણ છે. આપ આપની ઈચ્છા, શક્તિ અને અનુકૂળતા મુજબ એમને અનુદાન મોકલી શકો છો.

**આદિવાસી જનઉત્થાન ટ્રસ્ટ**
**ADIVASI JANUTTHAN TRUST**
A/c No. 30725971817
State Bank of India
IFC Code: SBIN0010985

ક્વાંટ તાલુકાને અડીને નસવાડી તાલુકો છે અને તાલુકાનું મથક પણ નસવાડી છે. રતન ભગતે નસવાડીમાં આરોગ્ય સેવાઓ આપતી સંસ્થા શ્રી મારુતિનંદન જીવનજ્યોત ટ્રસ્ટ સાથે પરિચય કરાવ્યો. નસવાડીમાં મેડિકલ સ્ટોરના માલિક શ્રી સુભાષ તલાટીને વિચાર આવ્યો કે તેઓએ અહીંથી પૈસા કમાવ્યા છે તો કમાણીમાંથી થોડું અહીં વાપરે. નસવાડીમાં હનુમાન મંદિરને ઓટલે ગરીબ બાળકોને રસિકભાઈ ઠક્કર એકાદ ટંક જમાડતા હતા.

સુભાષભાઈ, રસિકભાઈ, લાકડાંનો વ્યવસાય કરતા મૂળ કચ્છ નખત્રાણા તાલુકાના રસલિયા ગામના મગનભાઈ પટેલ, નિવૃત્ત શિક્ષક બિપીનભાઈ પટેલ સૌએ સાથે મળી હનુમાન મંદિરની પરસાળમાં નાનું દવાખાનું શરૂ કર્યું. દવાખાના માટે જગ્યા ઓછી પડી એટલે સ્થાનિક ધારાસભ્ય ધીરુભાઈ ભીલે પોતાની વાડીમાંથી ૫૦૦૦ સ્કે. ફૂટ જમીન ભેટ આપી. સુભાષભાઈ તલાટીએ એમની ધર્મપત્નીની સ્મૃતિમાં આરોગ્ય સંકુલના બાંધકામ માટે અનુદાન આપ્યું અને નસવાડીમાં સૌપ્રથમ સખાવતી દવાખાનું શરૂ થયું. ધીમેધીમે X-Ray, ફિઝિયોથેરેપી, લૅબોરેટરી વિભાગો શરૂ થયા અને અમે જ્યારે નસવાડીની મુલાકાતે ગયા ત્યારે ત્યાં એક સુંદર મૅડિકલ સેન્ટર (Day Care Centre) બની ગયું હતું. આરોગ્ય સેવાઓ કેટલી અપૂરતી છે. એનો ખ્યાલ છેવાડેના વિસ્તારોની મુલાકાત લઈએ ત્યારે આવે. નસવાડી તાલુકામાં મારુતિનંદન જીવનજ્યોત ટ્રસ્ટના આરોગ્ય મંદિર સિવાય ક્યાંય પણ X-Ray જેવી પ્રાથમિક સગવડો નથી.

માનસી સંસ્થાએ નસવાડી આરોગ્ય મંદિરના ટ્રસ્ટીઓને આંખોની તપાસણીનો કાર્યક્રમ હાથ ધરવાની પ્રેરણા આપી અને એ માટે જરૂરી સાધનો તથા અન્ય ખર્ચ માટે અનુદાનની વ્યવસ્થા પણ કરી આપી. ટ્રસ્ટીઓને પ્રેરણા મળી, ઉત્સાહ આવ્યો અને શરૂ થઈ ''નેત્રજ્યોત'' પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિ હેઠળ નસવાડીનાં વિવિધ ગામડાંમાં પ્રતિસપ્તાહ તથા મેડિકલ સેન્ટરમાં પ્રત્યેક બુધવારે આંખોની તપાસ થાય છે, દરદીઓને દવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે અને મોતિયા ઝામર વેલના ઑપરેશન માટે નસવાડીથી ૩૦ કિલોમીટરના અંતરે સાંખેડા શહેરની લાયન્સ હૉસ્પિટલમાં મોકલવામાં આવે છે. ''નેત્રજ્યોત'' પ્રવૃત્તિ માટેનાં જરૂરી અનુદાનની વ્યવસ્થા માનસી કરી આપે છે. છેલ્લાં બે વર્ષથી આંખોનાં ઑપરેશનોનો તમામ ખર્ચ ગામ નાગલપુરનાં નિમિતા કિશોર શાહ (USA) તરફથી આપવામાં આવે છે. શ્રી મારુતિનંદન જીવનજ્યોત ટ્રસ્ટનાં

૩૧-૩-૨૦૨૪નાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અત્યાર સુધી ૩૫૦ આંખોની તપાસ માટે કૅમ્પોનું આયોજન થયું છે અને ૨૪૦૦ આંખનાં ઑપરેશનો થયાં છે.


નસવાડીના આરોગ્ય મંદિરમાં બે વર્ષ અગાઉ ડૉ. તૃપ્તિબેન હઠીલા (MBBS) R.M.O. તરીકે જોડાયાં છે. આરોગ્ય મંદિરના મુખ્ય અનુદાતા સુભાષભાઈ તલાટીનું કોરોનામાં ૨૦૨૧માં નિધન થયું. એમના અમેરિકા સ્થિત સુપુત્ર સમીરભાઈએ આરોગ્ય મંદિર માટે પ્રતિવર્ષ સારું અનુદાન આપવાની ઈચ્છા દર્શાવી. એ અનુદાનમાંથી દરદીને માત્ર રૂા. ૨૦/-માં ત્રણ દિવસની દવા આપવામાં આવે છે. ડૉ. તૃપ્તિબેનના એક ભાઈ અને એક બહેન પણ MBBS થયાં છે. ત્રણ ભાઈ-બહેન ડૉક્ટરના પિતાશ્રીએ પોતાના વતનમાં પ્રાઈવેટ હૉસ્પિટલ કરી આપવાની તૈયારી દાખવી, પરંતુ તૃપ્તિબેને અહીં નસવાડીમાં આદિવાસી દરદીઓની સેવાર્થે કામ કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો. આજે નસવાડીના આરોગ્ય મંદિરમાં દરરોજ સરેરાશ બસ્સો દરદીઓની ઓ.પી.ડી. થાય છે. આટલી સંખ્યામાં દરદીઓની તપાસ-સારવારનો થાક એમને વર્તાતો નથી, કારણકે તેઓ નિસ્વાર્થભાવે કામ કરે છે.

આરોગ્ય મંદિરના સંચાલકોએ વડોદરાની પારુલ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ સાથે જોડાણ કર્યું છે. દર શુક્રવારે પારુલ હૉસ્પિટલ જુદીજુદી મૅડિકલ ફેકલ્ટીનાં ચાર નિષ્ણાતોની ઓ.પી.ડી. અહીં થાય છે. જે દરદીનો વધારે સારવાર અથવા ઑપરેશનની જરૂરત હોય તો દરદીની સારવાર - સર્જરી આયુષ્યમાન કાર્ડ હેઠળ પારુલ હૉસ્પિટલમાં થાય છે. આરોગ્ય મંદિર જુદાંજુદાં સ્થળોએ મેડીકલ કૅમ્પો યોજી સુદૂરનાં આદિવાસી ગામડાંના દરદીઓ માટે આરોગ્ય સેવાઓ આપે છે.

ત્રણસોથી વધારે મેડિકલ કૅમ્પસનો પચાસ હજાર દરદીઓએ લાભ લીધો છે. અહીં આંકડાઓનું મહત્ત્વ નથી, પરંતુ જ્યાં સરકારી તંત્ર આરોગ્ય સેવાઓ પૂરી પાડી શકતું ન હોય ત્યાં ચાર-પાંચ કર્મઠ વ્યક્તિઓ કેટલું મહત્ત્વનું કાર્ય કરી શકે છે તેનું ઉદાહરણ નસવાડીનું આરોગ્ય મંદિર છે. નસવાડીથી ૭૫૦ કિલોમીટર દૂર હોવા છતાં માનસી સંસ્થા અનુદાતાઓના સહકારથી માનવજ્યોત પ્રજ્વલ્લિત રાખે છે. ભારતના ગમે તે પ્રગતિશીલ રાજ્યમાં આદિવાસી સમુદાય તમામ સરકારી વિકાસની યોજનાઓથી વંચિત રહી જાય છે અને ત્યાં કશુંક કરી છૂટવાની ભાવનાથી જોડાઈ જવાનો આનંદ પરમઆનંદનો અનુભવ કરાવે છે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

# ઘૂંટેલા આંકને ટપી જવું



ડૉ. ગુલાબ દેઢિયા

પગદંડી કે કેડી માટેનો એક શબ્દ સગડ પણ છે. સગડ પહેલા જન્મે છે, રાજરસ્તા પછી બનાવાય છે. સગડ વનવાસી જેટલા પ્રાચીન. સગડમાં સગવડ ઝાઝી તેમ અગવડ પણ ઝાઝી. કેડી તો પહાડ ચડે, ખીણ ઊતરે. સૂકાં નદી તળાવ વચ્ચેથીય નીકળે. સગડ ફેરા ટાળે, ટૂંકા રસ્તે ચાલે. એની ચાલ આડી - અવળી, દુર્ગમને સુગમ બનાવવાની આવડત એની પાસે છે. સગડ જરૂરિયાત જોઈને ચાલે. વનવગડામાં, ખેતરવાડીમાં, બીડસીમમાં કોઈ પણ સગડ બનાવી શકે.

આપણને તો બન્નેનો ખપ પડે. ક્યારેક પગદંડી તો ક્યારેક રાજમાર્ગ. રાજમાર્ગ એટલે કાચી-પાકી સડક સમથળ વધુ. પહોળાઈનો પરિગ્રહ રાજમાર્ગને પરવડે, કેડે પાતળી તે કેડી. રાજરસ્તે સવારી નીકળે, વાહન ચાલે, સંઘ ચાલે, મોટર દોડે. વચ્ચે વચ્ચે પાટિયાં આવે, પરબ આવે, વિસામા આવે, પુલ પણ આવે, મારગને નામ પણ હોય. તે એક ગામથી બીજા ગામ પહોંચે. રસ્તા નિયમોમાં માને, કેડીને એવું કંઈ નહીં.

કેડીએ ચાલનારનું જૂથ ન હોય, ટોળી ન હોય. એકલદોકલ ચાલે. આ સગડ અંતર ઓછાં કરે. પેલો મારગ ફેરા વધારી દે. રાજમાર્ગ સીધો ચાલે તેથી ક્યારેક ફરીને જવું પડે. ત્રણ ગાઉના સાડા ત્રણ ગાઉ કરી દે. કેડી ત્રણ ગાઉના પોણા ત્રણ કરે.

કેડી પર ચાલતાં ભૂલા પડવાનો ભય ખરો. ભોમિયો ઝટ ન મળે. એકલતાનું જોખમ પણ ખરું. કેડી તો રચાય ને બદલાય. જાણે કાગળ પર પેન્સિલના લીટા. રસ્તા એ તો પથ્થરની લકીર, તેથી જમાના સુધી ચાલે.

રસ્તા બાંધવા આયોજન જોઇએ. બાંધનારનાં નામ પણ જાણીતાં થાય. કેડી તો ઝરણા જેવી, અજ્ઞાતનો સાથ દે. રાજ-રસ્તે સગવડો મળે તેમ નાકે પુછાણાં પણ થાય ને દાણ પણ ભરવો પડે. કેડી એવા કશામાં ન પડે. ઓછા ભારવાળો જ અહીં સુખે ચાલી શકે.

આપણા મનમાં જાગતી, દોડતી, વિસ્તરતી કલ્પના પણ કેડી જેવી છે. કલ્પનાને પાંખ હોય છે. જ્ઞાન તો પછી બંધાય છે. કલ્પના તો વહાલના બોલ જેવી સાચીય પડે ને ખોટીય પડે. એને ગણતરી ન આવડે. જેને કંઈ નવું કરવું હોય તે કલ્પનાના સગડે ચાલે. જ્ઞાનની ધારણાઓ નક્કી હોય. ત્યાં ઉડ્ડયન ન ચાલે.

પણ જ્ઞાન પોતે એ તો છાનેખૂણે કબૂલતું જ હોય છે કે આ કલ્પના છે રંગબેરંગીલી. જ્ઞાન ગંભીર દેખાય, પણ એને મનમાં કલ્પના ગમે છે. જેમ રાજરસ્તાને કેડી સાથે પ્રેમ છે. જ્ઞાનને હાથોહાથ તાજગીનો પુષ્પગુચ્છ નટખટ કલ્પના જ દઈ શકે છે. જ્ઞાન માટે પૂર્વની બારી કલ્પના ખોલે છે. જ્ઞાન નીચે ઊભુંઊભું કલ્પનાની પ્રતીક્ષા કરે છે કે ક્યારે પેલી ઝરૂખે આવે. કલ્પના કરવામાં ક્યાં પૈસા પડે છે? વાત સાચી છે, પણ ન્યૂટનને સફરજનને પડતું જોઈ જે કલ્પના આવેલી એવી કલ્પના આવે ત્યારે પારસમણિ મળ્યા બરાબર છે.

જાણે-અજાણ્યે આપણે કલ્પનાને કચડવાનું, કલ્પનાને તરછોડવાનું, એમાં શેખચલ્લીને વચ્ચે લાવી તિરસ્કારવાનું કરીએ છીએ, પણ દરેક નવા સાહસ માટે, પ્રત્યેક સર્જન માટે, શોધ માટે કલ્પના જ મોખરે ચાલે છે. બાળકની આંખમાં વિસ્મય આંજવાનું કામ શાળાએ કરવાનું હોય છે, પણ આજકાલ તો કલ્પનાની પાંખો કાપવાની કાતર તેજ ચાલે છે.

ઉપરછલ્લો ભલે દેખાય, પણ કેડી અને રસ્તા વચ્ચે વિરોધાભાસ નથી તેમ કલ્પના અને જ્ઞાન વચ્ચે પણ ઝઘડો નથી અને ઝઘડો હોય તે દયારામની ગોપીનો શ્રીકૃષ્ણ સાથેના ઝઘડા જેવો મીઠો રસિકજનનો ઝઘડો છે.

કલ્પના તો ખીલી જાણે. કલ્પનાને ફૂલ આવે એમાંથી જો ફળ પાક્યાં તો તે જ્ઞાનની ટોપલીમાં જ જઈ પડે. જેને ખોટા પડવાનો ભય ન હોય તે કલ્પના સાથે સોબત કરી શકે. કલ્પનામાં વ્યક્તિનો પોતાનો રંગ હોય છે. સ્વકીય મિજાજ હોય છે. જ્ઞાન વૈયક્તિક્તાને ગાળી નાખે છે. જ્ઞાન સ્વભાવે ઠરેલ છે.

કેડી અને કલ્પના પહેલા મનમાં રચાય. પછી ઝાંખું ઝાંખું રૂપ ધરે. ચાલક મળે તો ટકે, નહીં તો વિરમી જાય. રાજમાર્ગે ચાલનારો સુસ્ત હો તોય ક્યારેક ચાલી જાય. એણે ત્યાં નવું ઉમેરવાનું નથી. કેડી રચનારે, ત્યાં ચાલનારે જાગૃત રહેવું પડે. આમેય કેડી એકલવાયાનો પંથ છે. સંઘ તો રાજરસ્તે જ ચાલશે.

જે માપેલું છે, તોળેલું છે, જે બની ગયું છે, જે ચોક્કસ છે, નિશ્ચિત છે તે જ્ઞાન છે. જેમાં સાહસ છે, જેમાં જોખમ છે, જેમાં અનાગત છે તે, કેડી છે તે કલ્પના છે.

બધાં ક્ષેત્રોમાં માણસે વિકસાવેલી સંસ્કૃતિ કોઈ એક વેળા તો કલ્પના જ હતી. મનમાં જ હતી. વાસ્તવિકતાની ભોંય પર કલ્પના ખરી ઊતરે ત્યારે જ્ઞાન જન્મે છે. જ્ઞાનમાં જ્યાં જ્યાં કલ્પનાનો અવકાશ છે, હજી કલ્પનાનાં પગલાંની છાપ રહી ગઈ છે ત્યાં લીલોતરી છે. જ્ઞાનના ગાડામાં બેસી રાજમાર્ગ પર જતાં જતાં મન ક્યારેક ગાડું છોડી કેડી પર દોડી જવા લલચાય છે. એ લાલચ મજાની છે. એ જ વિસ્મય છે, કૌતુક છે. ભાર ખંખેરવાની મજા છે. આંખની ચમક છે.

રસ્તાઓ ભલે નાકાબંધી કરીને ઊભા હોય, પહેરો ભરતા હોય, પણ લીલાછમ મેદાનોમાંથી કેડી પ્રગટ્યા વગર થોડી રહે છે! રમતાંરમતાં, ગીત ગાતાં જરાક નાચી ઊઠતાં કોઈ કેડી પરથી મનમોજીલુંનીકળી પડે છે. એમ કરવું એ સાહસ છે. કદાચ આમ પણ થઈ શકે એવું જે માને તે બંધિયાર પાણીમાં કાંકરી નાખે છે. આંદોલન સર્જાય છે. શક્યતાઓ તપાસવી, અશક્યતાને પણ તાળી દઈ આવવી.

કેડીને નકશો ન જોઈએ, નશો જોઈએ, પોતાપણાની છાપનો નશો. ઘૂંટેલા આંકને અતિક્રમી જવાનો નશો. રાજરસ્તેથી ફંટાઈને ક્યાંક ખોવાઈ જવાનો નશો.

કેડી રાજમાર્ગની પૂર્વજ છે. આપણને બન્નેનો ખપ છે. ક્યારેક એમ લાગે કે આ વાટ તો શુષ્ક ને સુસ્ત છે, ભારે અનો ઘોંઘાટભરી છે તો પાસેથી દોડી જતી કેડીએ પગ માંડવો. ક્યારેક એવું બને કે મોંસૂંઝણું થયું હોય. વાટ લાંબી લાગે. વચ્ચે ટેકરી આવે. તો સૂર્યોદય જોવા વાટ છોડી ટેકરી ચડી જવી, પોતાની પોતા માટે તાત્પૂરતી કેડી રચીને.

**મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨**

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**સંજય ચંદન વિસનજી**
**૯૮૯૨૮૧૫૩૬૭**

- તંત્રી


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**
સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭
**પગદંડી**
અંક : ૦૯ ડિસેમ્બર ૨૦૨૪
**તંત્રી : અશ્વિન માલદે**
**સંકલન : સંજય છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**



# ''ગમ જિસને દિયે હૈ''

✻ CA સંજય ચંદન વિસનજી ✻

આટલું સાંભળતાં જ ઇશ પ્રત્યેની મક્કમ અને અડગ આસ્થા સાથે આપણાં હોઠ આગળની પંક્તિ પૂરી કરી નાખે કે, ***''ગમ જિસને દિયે હૈ, વહી ગમ દૂર કરેગા''***.

આજથી ૬૭ વર્ષ પહેલાંની એ સમયની ઓલ ટાઈમ બ્લૉક બસ્ટર ફિલ્મ મધર ઈન્ડિયા. (ઘણા ઓછા લોકોને ખબર હશે (લેખક સુધ્ધાં) કે મધર ઈન્ડિયા (૧૯૫૭) એ મહેબૂબ ખાનની જ ફિલ્મ ''ઔરત'' (૧૯૪૦)ની રિમેક (પાત્રોના નામ સુધ્ધાં એ જ) હતી. અને એ ફિલ્મના સંગીતકાર નૌશાદના મીઠામધુરા સંગીતમાં વણાયેલા ગીતકાર શકીલ બદાયુનીના માર્મિક શબ્દો

***દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા,***
***જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા.***

જીવન છે. અહીં પૃથ્વી પર જ સ્વર્ગ પણ છે, નર્ક પણ છે. સુખ પણ છે, સાથે દર્દ પણ છે. કોઈના જીવનમાં સુખનો સૂર્યોદય છે તો કોઈના જીવનમાં એ જ ક્ષણે સૂર્યાસ્ત પણ છે. કેટલાક અમૃત જેવા પ્રસંગો પણ છે, તો ક્યારેક ઝેરના ઘૂંટડા પણ ભરવા પડે છે.

ગીતમાં વાત છે જીવનમાં આવતી કઠણાઇઓ અને એની સામે પામર માણસનું ઝઝૂમવું. જીવન મળ્યું છે તો એનાં સારાં અને નબળાં પાસાં, બન્નેને કાળજું કઠણ કરીનો સ્વીકારવા. સંજોગો ઝેર આપે કે અમૃત, એને હસતાં મોઢે પી જવું. આ ગીતમાં કે આખી ફિલ્મમાં, ફિલ્મની નાયિકાનો સતત લડત આપવાનો અભિગમ અને સાથેસાથે જીવનભર સત્યનો, જે ખરું છે એનો સાથ ના છોડવો અને જરૂર પડે, સત્યના અને ધર્મના રક્ષણ માટે પોતાના જ પુત્રને ગોળી મારી દેવા જેટલું કઠણ કામ પણ નાયિકા કરી જાય છે, એ જ છે આ ગીતનો, આ ફિલ્મનો સારાંશ.

***ગિર ગિર કે મુસીબત મેં સંભલતે હી રહેંગે,***
***જલ જાયે મગર આગ પે ચલતે હી રહેંગે,***
***ગમ જિસને દિયે હૈ વહી ગમ દૂર કરેગા.***

જન્મ મળે એ સાથે જ મળતું રુદન, જીવનભર માણસનો સાથ નથી છોડતું. સુખ અને દુખ, તડકા અને છાયા, ઉદય અને અસ્ત, ખીલવા અને કરમાવાની જેમ આપણા સૌના ભાગ્યમાં લખાઈને જ આવે છે. અને આ સૌની વચ્ચે ઈશ્વર પરની શ્રદ્ધા, પોતાના

આત્મા અને કર્મો પરનો વિશ્વાસ માણસને જીવવાની, લડવાની અને સત્યના વિજય માટે ઝઝૂમતા રહેવાની શક્તિ આપે છે. ''ગમ જિસને દિયે હૈ વહી ગમ દૂર કરેગા'' એટલે ઉપરવાળા પ્રત્યેની શ્રદ્ધાનું અંતિમ ચરણ, ઈશ્વર પર એટલી આસ્થા કે એ પોતાના સંતાનને એટલો જ ભાર આપશે જેટલો એના સંતાન ઉપાડી શકશે.

મર્મ એટલો છે કે હારો નહીં, લડતા રહો. કોઈ સાથ આપે કે ના આપે, આગળ વધતા રહો. જે ઈશ્વરે આપણા ભાગ્યમાં તકલીફોના લાઈનો લખી છે, એ જ ઈશએ આગળ વધતા સુખ, સંતોષ, સમૃદ્ધિના ફકરા પણ લખ્યા જ છે...

***ઔરત હૈ વો ઔરત જિસે દુનિયા કી શરમ હૈ,***
***સંસાર મેં બસ લાજ હી નારી કા ધરમ હૈ,***
***જિંદા હૈ જો ઈજ્જત સે વો ઈજ્જત સે મરેગા.***

૧૯૫૭નો આઝાદી પછીનો દાયકો, આધુનિકતા કે સ્ત્રીસ્વાતંત્ર્ય વગેરે હજી પુસ્તકોમાં જ શોભી રહ્યાં હતાં અને એટલે પુરુષપ્રધાન સમાજની માનસિકતા આ પંક્તિમાં છલકી રહી હતી જ્યાં લાજ, શરમ, ઈજ્જત વગેરેને સ્ત્રીનાં ઘરેણાં જ નહીં, પણ ધર્મ પણ માનવામાં આવી રહ્યો હતો. એટલું સારું છે કે એ વાત માત્ર આ ગીતના શબ્દોમાં હતી. જ્યારે કે આખી ફિલ્મમાં સ્ત્રીની સહનશક્તિ, સંઘર્ષ અને વ્યથાની કથા હતી.

શામુ (રાજકુમાર) અને રાધા (નરગિસ)ના જીવનમાં એક પછી એક તકલીફોની વણજાર ચાલુ જ હતી. એમનાં લગ્ન માટે લીધેલા કર્જની સામે પોતાના પોણા ભાગનો પાક આપી દીધા પછી પણ સુખીલાલા (કન્હૈયાલાલ)નું વ્યાજ પણ ભરપાઈ ના થઈ શકતું હોઇ, શામુ પોતાની પથરાળ જમીનને ઉપજાઉ કરવાના યત્નમાં પોતાના હાથ ગુમાવી દે છે અને આવા સંજોગોમાં એ હારીને પોતાની પત્ની અને સંતાનોને છોડીને ચાલ્યો જાય છે અને અહીં શરૂ થાય છે નાયિકાની યાતનાઓની સફર. સુખીલાલા રાધાને મેળવવા પોતાના ધનની તો ક્યારેક વળી રાધાનાં સંતાનોને એક ટક ખાવાનું આપવાની લાલચ આપે છે.

***માલિક હૈ તેરે સાથ ના ડર ગમ સે તું એ દિલ,***
***મહેનત કરે ઈન્સાન તો ક્યા કામ હૈ મુશ્કિલ,***
***જૈસા જો કરેગા યહાં વૈસા હી ભરેગા.***

સાચા માણસ સાથે કોઈ સાથે હોય, ના હોય, પણ એનો ઈશ્વર ડગલે અને પગલે એની લાજ રાખે છે, એનું ધ્યાન રાખે છે. પોતાનાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા અને મહેનત સાથે માણસ કામ કરે તો બધું જ શક્યં છે. રાધાની અતૂટ મહેનત, અગાધ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ છેવટે રંગ લાવે છે. એનાં સંતાનો રામુ (રાજેન્દ્રકુમાર) અને બિરજુ (સુનિલ દત્ત) મોટા થઈને માતાના સંઘર્ષનો

અંત લાવવા કમર કસે છે. રામુ મહેનત અને સચ્ચાઈના પંથે માતાની સાથે ચાલે છે. જ્યારે બિરજુ, સુખીલાલા અને એના અન્યો શાહુકારના અન્યાયનો અંત લાવવા બંદૂક ઉઠાવે છે. હાં, સત્ય અને અસત્યના યુદ્ધમાં રાધા પોતાના પુત્ર બિરજુને જ ગોળીએ વિંધે છે. છેવટે ઘીના ઠામમાં ઘી પડી રહે છે.

આખા માર્મિક ગીતનો સારાંશ કહીએ તો જન્મ મળ્યો છે, જીવન મળ્યું છે એટલે એ જીવન પ્રત્યેની ફરજ રૂપે જીવી જાવો. ઈશ પર શ્રદ્ધા રાખો, કે જો એને તકલીફો આપી છે તો એનો ઉકેલ પણ એ ઈશ્વર જ આપશે. પોતાની ફરજ રૂપે સોંપેલા જીવનકાર્યને નિષ્ઠાથી પૂરા કરવા આગળ વધતાં રહો. દરેકને પોતાના કર્મોનું ફળ અહીં જ મળવાનું છે, એટલે સત્કર્મોની જ્યોતને જલાવતા રહો, ફેલવાતા રહો.

**ફિલ્મ વિષેની થોડીક બીજી અલપઝલપ.** (લેખ શરૂ કર્યો હતો માત્ર એક ગીતના રસાસ્વાદ માટે, પણ જેમજેમ ફિલ્મ વિષે વધુ ને વધુ માહિતી મળતી ગઈ, ગીત વિષે ઓછું અને ફિલ્મ વિષે વધુ લખાતું ગયું)

D આઝાદી પહેલાંની મહેબૂબ ખાનની ફિલ્મ ''ઔરત'' (૧૯૪૦)ને એટલી સફળતા કે જશ ના મળ્યો, જેટલો એની જ રિમેક ''મધર ઈન્ડિયા''(૧૯૫૭)ને મળ્યો. બૉક્સ ઑફિસના આંકડાઓની દૃષ્ટિએ ઈનફ્લેશન સાથે ગણો તો આ ફિલ્મ આજે પણ સૌથી સફળ ફિલ્મોમાંની એક ગણાય છે.

D શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ નાયિકા, શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી તેમ જ શ્રેષ્ઠ સાઉન્ડ ડિઝાઇન માટે ફિલ્મફેર જીતનાર ફિલ્મ મધર ઈન્ડિયાને બે નૅશનલ ઍવોર્ડ પણ મળ્યા અને સાથેસાથે કારલોવી વારી આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં પણ એવૉર્ડ જીત્યા, એટલું જ નહીં, ભારત તરફથી ''મધર ઈન્ડિયા'' જ કદાચ પહેલી ઑસ્કર એવૉર્ડની એન્ટ્રી હતી.

D ૧૭૨ મિનિટની આ ફિલ્મમાં ૪૨.૩૦ મિનિટ તો એનાં ૧૨ કર્ણપ્રિય ગીતો માટે ફાળવવામાં આવી હતી અને એમાનું એક મધુર ગીત ''દુનિયામેં હમ આયે હૈ'' એટલો લતા, મીના અનો ઉષા મંગેશકર બહેનોએ ગાયેલું આ ગીત. (ત્રણે મંગેશકર બહેનોએ સાથે ગાયાં હોય એવા જૂજ ગીતોમાંનું એક)

D પોતાના બન્ને બળદ પણ સુખીલાલાને ત્યાં વ્યાજની ભરપાઈમાં ગુમાવ્યા બાદ રાધા અને એનાં સંતાનો આ જ ગીત દરમ્યાન જ પોતાના ખભા પર હળ ખેંચે છે. એ પોસ્ટર કદાચ ફિલ્મ જગતમાં આજ સુધીનું મોસ્ટ આયકોનિક પોસ્ટર રહ્યું હશે. માત્ર પોસ્ટર જુઓ અને




મગજમાં ફિલ્મનું નામ ક્લિક થાય એ આ પોસ્ટરની સૌથી મોટી સફળતા.

D આ ફિલ્મના ટાઇટલ વિષે કહેવાય છે કે કેથરિન માયો નામની એક એમરિકન ઈતિહાસકારે પોતાના એક પુસ્તક ''મધર ઈન્ડિયા'' માં ભારત વિષે, એની ગંદકી, ગરીબી, અસ્પૃશ્યતા, સ્ત્રીની વ્યથા અને લગ્ન વિષયક સમસ્યાઓ વિષે ખૂબ દ્વેષપૂર્વક અને માત્ર અને માત્ર નબળી બાજુ રજૂ કરી હતી અને એટલે જ મહેબૂબ ખાને એ જ શીર્ષક સાથે પોતાની જ જૂની ફિલ્મ ''ઔરત (૧૯૪૦)ની રિમેકમાં એ જ નામ ''મધર ઈન્ડિયા'' સાથે એક કલ્ટ ક્લાસિક ફિલ્મ બનાવી, ભારતની અને એની નારીશક્તિની એક નવી છબી આંતરાષ્ટ્રીય વિશ્વ સામે મૂકી હતી.

D આ ફિલ્મમાં પહેલા રાધાના એક પુત્રના પાત્ર માટે દિલીપકુમારનું નામ વિચારવામાં આવ્યું હતું. પણ પછી એમ સૂચવવામાં આવ્યું કે એ સમયની નરગિસ અને દિલીપકુમારની રોમેન્ટિક હિટ જોડીને માતા અને પુત્ર તરીકે દેખાડવા કદાચ ફિલ્મની સફળતા માટે જોખમકારક હોઈ શકે અને એટલે પછી સુનીલ દત્તની પસંદગી કરવામાં આવી.

D છેલ્લો... ફિલ્મના એક કલાયમેક્સના દૃશ્યમાં જ્યારે રાધા અને બિરજુ, હવાની દિશા બદલાતા, ફિલ્મી આગમાંથી એક સાચુકલી આગમાં ફસાઈ ગયાં ત્યારે બિરજુએ રાધાને બચાવી અને સાચી સારવાર દરમ્યાન પડદા પરનાં માતા પુત્ર વચ્ચે એવો પ્રેમ પાંગર્યો કે બન્નેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો, પણ ફિલ્મમાં માતા-પુત્ર બનેલાં પાત્રોનાં લગ્ન થાય તો ફિલ્મ પર અવળી અસર પડે એથી પ્રોડ્યુસર મહેબૂબ ખાનો એમનાં લગ્નને ફિલ્મની રિલીઝના ઘણા સમય સુધી પાછળ ઠેલવી દીધાં.

(આ લેખ વાંચ્યા પછી જો ફરી ફિલ્મ જોવાનું મન થાય અને જો ફિલ્મ જોતાંજોતાં કંઈક નવું જાણવા કે માણવા મળે તો ખિસકોલીના અન્ય વાચકો સાથે એને શેર કરવાનું નહીં ભૂલતા)

- રતાડિયા ગણેશવાલા

**મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**



# યુદ્ધ

વસંત શાહ - કચ્છ કેસરી

આજથી આશરે ૭૫ વર્ષ પહેલાં જ્યારે હું શાળામાં ભણતો ત્યારે ઇતિહાસના વિષયમાં, તે સમય અગાઉ થયેલ, મુગલો અને રાજપૂતો વચ્ચેનાં યુદ્ધો વિશે શીખવવામાં આવતું હતું! બાબર, અકબર અને મહારાણા પ્રતાપ, પૃથ્વીરાજ ચૌહાણ વગેરેનાં યુદ્ધોના પાઠ ભણાવાતા! સમગ્ર વિશ્વમાં યુદ્ધ અનાદિ કાળથી ચાલતાં આવ્યાં છે.

જૈન શાસ્ત્રોનો આધાર લઈએ તો છેક પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પુત્રો ભરત અને બાહુબલી વચ્ચે યુદ્ધ થયું હતું! સનાતન ધર્મના ગ્રંથો રામાયણ અને મહાભારતમાં પણ યુદ્ધનો ઉલ્લેખ છે! ત્યાર બાદના અરસામાં ભારત દેશમાં ઘણાં યુદ્ધો થયાં, જેવા કે કચ્છનું ઝારાનું યુદ્ધ, વિપ્લવ યુદ્ધ, ખૈબર ઘાટનું યુદ્ધ, પલાસીનું યુદ્ધ, હલ્દી ઘાટીનું યુદ્ધ.

વીસમી સદીના પૂર્વાર્ધમાં, ઈ. સ.૧૯૧૪ થી ૧૯૧૮ દરમિયાન પ્રથમ વિશ્વયુદ્ધ થયું, ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૫ વચ્ચે બીજું વિશ્વયુદ્ધ લડાયું! આ બીજા વિશ્વયુદ્ધ પછી અનેક દેશોમાં ભાગલા પડ્યા. વિશ્વના નકશા પર દેશોની સંખ્યા વધતી ગઈ! વીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારત-પાકિસ્તાન અને ભારત–ચીનનાં યુદ્ધો થયાં. ધાર્મિક ઝનૂન સાથે સીમાઓના ઝઘડા થવા માંડ્યા, ભાઈચારાની ભાવના ભુલાઈ, વૈમનસ્ય વધ્યું, પડોશી દેશો આપસમાં કીન્નાખોરી રાખી સ્વાર્થ સાધવા માંડ્યા! સરહદો પરના જમીનોના ટુકડાઓ માટે.

આજે દરેક દેશ પોતાના પડોશી દેશ સાથે, ક્યારેય પણ યુદ્ધ થઈ શકે એવા ભય સાથે, આંતરિક તૈયારીથી જીવે છે! અરે, આજે તો વિશ્વના અમુક દેશોએ તો સમુદ્રમાં પણ પાણી જુદા પાડી તેમ જ ગગનમાં પણ પોતાની સ્વૈચ્છિક સરહદો બાંધી દીધી છે! દાણચોરી અને માછીમારીની પ્રવૃત્તિમાં રોકાયેલ બોટોની છાશવારે ધરપકડ કરી લેવાય છે! અન્ય દેશોના ઊડતા નાગરિક વિમાનોને તોડી પડાય છે! રશિયા વિરુદ્ધ યુક્રેન, ઇઝરાયેલ વી. પેલેસ્ટાઇન, ઈરાન વી. ઇરાક, ચીન વી. તાઈવાન આજના બધા જીવંત દાખલા છે.

ભારતના પાડોશીઓ ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન યુદ્ધ માટે તૈયાર બેઠા છે!,

બલૂચિસ્તાન અને અફઘાનિસ્તાન, ઉત્તર અને દક્ષિણ કોરિયા, આ બધા એકમેકના દુશ્મન થયા છે! છેલ્લાં સવાસો વર્ષના ઇતિહાસમાં જોઈએ તો જે યુદ્ધો થયાં અને જે થઈ રહ્યાં છે તેની ફલશ્રુતિ શું? જાનમાલનું ગણિત માંડીએ તો કરોડો માનવી હોમાઈ ગયા! માલની તો નુકસાની અબજો રૂપિયાની થઈ! આર્થિક રીતે બન્ને પક્ષે ખુવારી થઇ! વૈમનસ્ય વધ્યું! ભારેલા અગ્નિ જેવી સ્થિતિ ઊભી થઈ! પ્રજા ઉચાટભર્યા મનથી જીવે છે ! !!!

કોઈ પણ દેશને યુદ્ધથી લાભ થાય જ નહીં એ સત્ય શું રાજકારણીઓ સમજી શકતા નથી? હાલ જે દેશો આપસમાં લડી રહ્યા છે તે દેશોના બુઢ્ઢા શાસકો (જેવા કે જીન પિંગ, પુતિન, કિમ ઉન્ન જોંગ, નેતાંનયાહૂ, આયતોલા ખોમેઇની વગેરે) હજી કેટલું લાંબું જીવવાના? મૃત્યુ સમયે શું સાથે લઈ જવાના?

અદ્યતન શસ્ત્રોના ભંડાર, શાસકોની માનસિકતા, અભણ પ્રજાનો સાથ અને પોતાના અહમ્‌ને પોષવાની ઘેલછાને લીધે વિશ્વ ત્રીજા મહાયુદ્ધ તરફ ધકેલાય તો પૃથ્વી પર માનવખુવારીનાં મહાપ્રલયના અંદાજની કલ્પના માત્રથી ધ્રુજી જવાય! પૃથ્વી પરની જીવસૃષ્ટિને પલભરમાં નાબૂદ કરી શકાય એવા પરમાણુ બૉમ્બ જૈવિક બૉમ્બ અને કેટલાંય અદ્યતન શસ્ત્રો ઘણા દેશો ધરાવે છે, જેમાંના માથાભારે શાસકોમાંથી એકાદ પણ માનસિક સંતુલન, ક્ષણભર માટે ગુમાવે તો વિશ્વનો અંત નિશ્ચિત છે!! ''યુદ્ધ'' શબ્દ જ કેટલો બિહામણો લાગે છે! તો સમરાંગણનું દૃશ્ય કેટલું ભયાનક હોઈ શકે? આ વિશ્વના માનવીના અકળ ભાવિમાં શું છુપાયેલું છે એ પરમાત્મા જાણે!!

આપણે સૌ વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરીએ! પ્રભુ સૌને સદ્‌બુદ્ધિ આપે!

અસ્તુ!!!

દેવપુર/મુલુંડ.
મો. ૮૪૫૧૦૯૮૬૭૮

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**



# લગ્નની ખોટી ઉજવણી

ડૉ. જાનકી કેતના સચીન શાહ

**લગ્ન સમારોહની ભવ્યતા અને લગ્ન એક જ નથી.**

સમય જતાં ઘણી વસ્તુઓ બદલાઈ ગઈ. કેટલીક વસ્તુઓ અપગ્રેડ કરવામાં આવી છે. કેટલીક વસ્તુઓ ડાઉનગ્રેડ કરવામાં આવી છે અને કેટલીક સંપૂર્ણપણે અદૃશ્ય થઈ ગઈ હતી. જો કે, લગ્નની સંસ્કૃતિ વર્ષોથી સુસંગત રહી છે. જો કે, લગ્ન ઉત્સવ એ લગ્નનો સૌથી મોટો ભાગ છે એમ માનીને આજની નવી પેઢી અમુક અંશે પોતાનો માર્ગ ભૂલી છે.

લગ્ન નક્કી થતાં જ નવયુગલનું તમામ ધ્યાન આઉટફિટ, ફોટોગ્રાફર, ફોટોશૂટ, રીલ, મેકઅપ અને હૅરસ્ટાઇલ પર હોય છે. ફંક્શનમાં ક્યા પ્રકારનો ડ્રેસ પહેરવામાં આવશે? લાલ કે પેસ્ટલ? એચડી મેક-અપ કે નહીં? ક્યું એન્ટ્રી ગીત શ્રેષ્ઠ રહેશે? કેટલી રીલ્સ બનાવવી?

માન્યું કે લગ્ન જીવનભરનું બંધન છે. કોઈની સાથે નવા જીવનમાં પગ મૂકવો એ નાની ઘટના નથી, પણ શું લગ્નની તૈયારીના આ નિરર્થક પ્રશ્નો એક મજબૂત પાયો બનાવવા માટે જરૂરી છે?

વેડિંગમાં મિત્રો માટે ભેટ ટ્રેન્ડિંગ છે. લોકો આના પર હજારો ખર્ચ કરે છે અને ઇવેન્ટના અંતે મોટા ભાગનું પૅકેજિંગ અને કેટલીક નાની વસ્તુઓ ફેંકી દેવામાં આવે છે. શું આ પૈસાનો બગાડ નથી?

માત્ર વર-કન્યાની જોડી જ નહીં, પરંતુ સંપૂર્ણ પરિવાર અને ઉપસ્થિત લોકો પણ આ કાર્યક્રમ માટે સંપૂર્ણ આયોજન શરૂ કરે છે. આજકાલ કપલનો પરિવાર કપડાં, ઈમિટેશન જ્વેલરી અને અન્ય એસેસરીઝ પાછળ લાખોનો ખર્ચ કરે છે. કેટકેટલા ઇવેંટ ગોઠવી દે છે અને દરેક ઈવેન્ટની અલગ થીમ હોય છે અને લોકો થીમ પ્રમાણે ડ્રેસિંગ પર બિનજરૂરી પૈસા ખર્ચે છે. આમાંના ઘણા પોશાક, પ્રોપ્સ અને એસેસરીઝ બૉક્સમાં પૅક કરવામાં આવે છે અને વર્ષો સુધી કબાટમાં ધૂળ ખાય છે.

આ બધા પાછળનું કારણ સમજવું જરૂરી છે. આ દિવસોમાં દરેક વ્યક્તિ સેલિબ્રિટીનાં લગ્ન જોઈને ''પ્રેરિત'' થઈ રહી છે. આ લોકો એ વાત સમજવામાં અને સ્વીકારવામાં નિષ્ફળ જાય છે કે ઘણા સેલિબ્રિટીને તો આઉટફિટ પ્રોમોશન માટે ડિઝાઇનર પાસેથી મફતમાં મળે છે. અસંખ્ય વખત તેમની પાસેથી પ્રમોશનના બદલામાં તેમના ડેસ્ટિનેશન અને ફોટોગ્રાફ્સ માટે પણ ચાર્જ લેવામાં આવતો નથી. તેમની પાસે આટલું મોટું બૅન્ક બેલેન્સ

હોય, તો પણ તેઓ આ પ્રોમોશન ઍન્ડ માર્કેટિંગવાળાં પગલાંને પસંદ કરે છે અને લગ્ન કરે છે. સેલિબ્રિટીઓ જે કરી રહ્યા છે તે દરેક વ્યક્તિ જોઈ રહ્યો છે પરંતુ એની પાછળનું સેલિબ્રિટિસનું બેકગ્રાઉન્ડ, વગેરે લોકો ભૂલી જાય છે.

એવા ઘણાબધા લોકો છે કે જેઓ આવા ઉડાઉ લગ્નોને કોઈક રીતે 'શક્ય' કરવા માટે તેમના પ્રયાસ કરે છે. લોન લે છે અથવા તેમની જીવનભરની બચતને ખંખેરી નાખે છે. શું તે ખરેખર જરૂરી છે? આવા હેવી આઉટફિટ્સ લગ્નમાં ખરીદવામાં આવે છે અને તેને ફંક્શન પછી સ્ટોરેજમાં રાખવા માટે રૂપિયા ચૂકવવામાં આવે છે. સેલિબ્રિટીઓ લગ્ન કર્યાં પછી વૈભવી હવેલીઓમાં પ્રવેશ કરે છે જ્યારે એક સામાન્ય વ્યક્તિ તેમનાથી પ્રભાવિત થઈને ભવ્ય લગ્ન કરીને, લોન ચૂકવવામાં વર્ષો વિતાવે છે અથવા વર્ષો સુધી ભાડા પર રહે છે. વાસ્તવિક લગ્નજીવન માટે આયોજન વિશે શું?

વાસ્તવિક આયોજન એ સમયની જરૂરિયાત છે. આજના ઝડપી વિશ્વમાં ઘણી બધી વસ્તુઓ એકબીજા સાથે જોડાયેલી છે અને જીવનનો માર્ગ નક્કી કરી શકે છે. શું ક્ષણિક ઘટના પર અતિશય ખર્ચ કરવો એ ખરેખર અનિવાર્ય છે? દરેક વ્યક્તિ પોતાના ખાસ દિવસે અથવા તેમના બાળકના ખાસ દિવસે સુંદર દેખાવાની ઈચ્છા સખે છે, પરંતુ શું આપણે કપડાં પર લાખો અને મેક-અપ પર હજારો ખર્ચ કરીને જ સુંદર દેખાઈ શકીએ છીએ?

''ડેસ્ટિનેશન વેડિંગ'' પર લાખો ખર્ચવાને બદલે, તે લાખો રૂપિયા આરામદાયક વાસ્તવિક જીવનમાં ખર્ચો! તે તમારા નવા ઘર માટે ડાઉન પેમેન્ટ હોઈ શકે છે અથવા કદાચ તમને નિયમિત આવક પ્રદાન કરતું સ્માર્ટ ઇન્વેસ્ટમેન્ટ હોઈ શકે છે. કલ્પના કરો કે તમે તમારું વાસ્તવિક જીવન કેટલું સરળ બનાવી રહ્યા છો! જો તમારા જીવનસાથી અને તમને મુસાફરી કરવી ગમે છે, તો આગળ વધો અને વિશ્વની મુસાફરી કરવા, એડવેંચર સપોર્ટ્સ કરવા અથવા ફરવા માટે પૈસાનો ઉપયોગ કરો. 'કસ્ટમાઇઝડ વેડિંગ એક્ટિવિટીઝ' જેને લોકો થોડા દિવસો પછી સંપૂર્ણપણે ભૂલી શકે, એના પર બિનજરૂરી ખર્ચ કરવાને બદલે, સાચી યાદો બનાવો.

આજના સમયમાં એ બહુ સામાન્ય છે કે ઇવેન્ટ્સમાં મહેમાનો માટે વિવિધ વાનગીઓ હોય છે. તે પછી પણ, ઘણા મહેમાનો એક યા બીજી વસ્તુની ટીકા કરે છે. લગ્નોમાં ઘણીબધી વાનગીઓનો બગાડ થાય છે. આ કરવાને બદલે જરૂરિયાતમંદો માટે વર્ષભરના અનાજનો પુરવઠો ખરીદી શકાય છે. લગ્નમાં ભાગ લેનારા લોકો સરળતાથી ભવ્ય રેસ્ટોરન્ટમાં જઈ શકશે. પરંતુ તમારું જરૂરિયાતમંદ માટે આ નાનું પગલું તેમના માટે મોટી રાહત સાબિત થઈ શકે છે.

શું આનો અર્થ એ છે કે તમારે તમારા લગ્ની ઉજવણી બિલકુલ ન કરવી જાઈએ? ચોક્કસ ના! આગળ વધો અને તમારા ખાસ દિવસને યાદગાર બનાવો. યાદો બનાવવા માટે

સુંદર વાતાવરણ અને ખાસ લોકોની જરૂર હોય છે. તેને હંમેશાં લાખો રૂપિયાની જરૂર નથી. થોડીક ગણતરી કરીને તમે ઉજવણી પર કેટલો ખર્ચ કરી શકો છો તે નક્કી કરી શકાય છે.

યુગલો બિનજરૂરી વસ્તુઓને બદલે સોનાનાં આભૂષણો જેવી મહત્ત્વની વસ્તુઓ પર ખર્ચ કરી શકે છે. તેઓ અનંત ખાદ્યપદાર્થો પર પૈસા અને ખોરાકનો બગાડ કરવાને બદલે મર્યાદિત વાનગીઓ ધરાવી શકે છે. નાના-મોટા ફેરફારો કરીને મોટી અસર ઊભી કરી શકાય છે.

ઘણા લોકો સૂચવે છે કે ભવ્ય લગ્નો અર્થતંત્રને વધારવામાં મદદ કરે છે, પરંતુ શું આપણે આપણા પોતાના ખર્ચે અર્થતંત્રનું મંથન કરવું જોઈએ? આપણે અર્થતંત્રમાં અન્ય ઘણી રીતે યોગદાન આપી શકીએ છીએ, જેમ કે સોનામાં કે અન્ય ક્ષેત્રે રોકાણ કરવું, ઘર ખરીદવું વગેરે.

આવો! ચાલો હવે આપણા મનમાં સ્પષ્ટ થઈએ કે લગ્ન અને લગ્નની ઉજવણી એક જ વાત નથી. સાચું ધ્યાન લગ્ન પર રહેવા દો. ફંક્શન પર નહીં. નવયુગલને નિર્ણય લેવાનો હોય છે. તેમને ત્રણ દિવસની ધમાકેદાર મજા માટે કર્જ કરવા છે કે થોડાક આરામની જિંદગી. નવા જીવનમાં તમારા જીવનસાથી અને તમારો પ્રવેશ મહત્ત્વપૂર્ણ છે, પ્રવેશ ગીત અને શૈલી નહીં.

રામપુરા, સુરેન્દ્રનગર
મો. : ૮૦૮૦૦૯૦૦૨૮

Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)

100% PURE JAIN PRODUCTS

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# હમ્પી - યાત્રા



**✻ રાજેશ સાવલા ✻**

- ભારતનાં શ્રેષ્ઠ કોતરણી ધરાવતા, યુનેસ્કોના સંરક્ષણ હેઠળનાં મંદિરો માટેની ચાર દિવસીય હમ્પી યાત્રાની શરૂઆત ગદગ એક્સપ્રેસથી થઈ. લગભગ ૭૨ જણાનું મોટું ગ્રુપ પ્રયાણ કરે ત્યારે આ યાત્રા એક નજરાણું, યાદગાર સંભારણું બની રહે છે. સુંદર આયોજન, દરેક સ્થળની ઝીણવટભરી માહિતી અને સાથે આનંદ માટે ગરબા વગેરે તો યાત્રાનો એક લહાવો બની જાય છે.

- આ ચાર દિવસીય યાત્રાની Summary છે. અદ્ભુત, અદ્ભુત, અદ્ભુત.

- યાત્રાનું સંક્ષિપ્ત વિવરણ લખવાનો આશય ભવિષ્યમાં વાંચીએ ત્યારે તે યાત્રાનાં દશ્યો, સંસ્મરણો તાદશ્ય થાય. મનુષ્યની સ્મરણશક્તિ નબળી છે, તેથી ભુલાઈ જવું સ્વાભાવિક છે. વર્તમાનમાં લખેલું ભવિષ્યમાં વાંચવાથી યાદ આવી જાય છે.

- પ્રથમ દિવસની શરૂઆત થઈ ''અઇહોલ'' (AIHOLE)થી. ૬ઠ્ઠી શતાબ્દીમાં બનેલ ચાલુક્ય વંશના રાજાઓએ બનાવેલ દુર્ગા મંદિર ગુફા શૅપમાં છે. રાજા ધર્મપ્રિય હતાં અને એમના કારીગરોને (Experiment) પ્રયોગ કરવાની આઝાદી આપતા. કર્ણાટક મધ્ય ભારતમાં આવેલ હોવાથી ત્યાં બંધાયેલ જૂનાં મંદિરોમાં North-South Styleનું મિશ્રણ જોવા મળે છે. આ મંદિરમાં કારીગરોએ લગભગ ૧૬ પ્રકારના મંદિરોની ડિઝાઈન મૂકી છે જે ભવિષ્યમાં મંદિરો બાંધવા ઉપયોગી થાય. આગળથી સળંગ અને પાછળથી ગોળાકાર એમ ગુફા આકારનું પ્રથમ મંદિર આ દુર્ગા મંદિર છે. ઉપર છત અને શિખર જેવું Structure આપી મંદિર આકાર બનાવી દીધો એમ પ્રતીત થાય છે, નજીકમાં લાડખાન મંદિર છે.

ત્યાંથી પયડક્કલ ગયા. લગભગ ૨૨૦ એકરમાં પથરાયેલ આ ક્ષેત્ર આઠ મંદિરો ધરાવે છે. બીજાં ઘણાં મંદિરો હતાં જે હવે અવશેષ થઈ ગયાં છે. આ યુનેસ્કો સંરક્ષિત જગા છે. શિવને સમર્પિત એવા લગભગ સાત મંદિરો છે અને છેલ્લું જૈન મંદિર છે. કહેવાય છે કે જેમ રાજાઓ બદલાતા તેમ રાજા જે ધર્મ પાળે તે ધર્મની મૂર્તિ મુખ્ય સ્થાને રહેતી અને પહેલા મુખ્ય રહેલ મૂર્તિને બાજુમાં મૂકી

દેવાતી. મુગલ રાજાઓએ મંદિરોનો વિનાશ કર્યો એ Myth છે હકીકત નથી ૬-૭-૮ સદીમાં બંધાયેલાં આ મંદિરો Naturally કાળની થપાટ ખાઈ ધીરે ધીરે વિનાશ તરફ આગળ વધે એ સ્વાભાવિક છે. ચાલુક્ય વંશના રાજાઓની પલ્લવ રાજા પર જીતની ખુશીમાં બનાવેલ વિરૂપક્ષ (વીર-બહાદુર) મંદિર સુંદર કોતરણી ધરાવતું ઉત્તમ મંદિર છે. મલ્લિકાર્જુન મંદિર પણ South-North મિશ્રણમાં બનેલ છે. મંદિરમાં નર-નારીની આલિંગન મુદ્રા હોય છે જે સંસાર અને વૃદ્ધિની નિશાની છે. રામાયણ અને મહાભારતના પ્રસંગોની કોતરણી છે. બારીઓની અલગઅલગ ડિઝાઈન ધ્યાન ખેંચે છે.

- બીજા દિવસે સવારમાં છ વાગે તૈયાર થઈ અમારું ગ્રુપ પગે ચાલતા બદામી Cave Temple તરફ રવાના થયુ. પર્વતમાંથી કોતરણી કરી બનાવેલાં ચાર ઉત્તમ મંદિરો જોઈ દિલ ખુશ થયું. પ્રથમ ગુફા જમીનથી ૧૮ મીટર ઊંચાઈ પર છે. આઠ હાથ ધરાવતી અને દરેક હાથમાં અલગઅલગ વસ્તુ ધારણ કરી તાંડવ નૃત્ય કરતી શિવની પ્રતિમા આ ગુફાનું મુખ્ય આકર્ષણ છે. મહિષાસુર મરદીની મૂર્તિ રાક્ષસનો સંહાર કરતી મુદ્રામાં દેખાય છે. ૬૪ પગથિયાં પછી બીજી ગુફા આવે છે, જેમાં વિષ્ણુના અવતાર ત્રિવિક્રમ, વરાહ વગેરે મુખ્ય છે. સમુદ્રમંથન, કૃષ્ણજન્મ, વાંસળી વગાડતા કૃષ્ણની મૂર્તિઓ પર્વતમાંથી Symmetryમાં કોતરવામાં આવી છે. ગરુડ પર બિરાજમાન વિષ્ણુ-લક્ષ્મી એ મુખ્ય આકર્ષણ છે. ગજલક્ષ્મી, સ્વસ્તિક શેવાસયી વિષ્ણુ, બ્રહ્મી પણ આ ગુફા મંદિરમાં જોવા મળે છે. ત્રીજી ગુફા એ સૌથી મોટી ગુફા મંદિર છે. Giant ત્રિવિક્રમ, વરાહ, હરિહર (અર્ધ શિવ-અર્ધ વિષ્ણુ), નરસિંહા (મનુષ્ય અને સિંહનું મુખ)એ મુખ્ય મૂર્તિઓ છે. મત્સ્ય અવતાર જે વિષ્ણુનો એક અવતાર છે તે પણ જોવા મળે છે અને સૌથી છેલ્લી ગુફા- એ જૈન તીર્થંકરોને સમર્પિત છે. બાહુબલી કાર્યોત્સર્ગમાં ઊભા રહેલ એવી મૂર્તિ, પાંચ ફેણનું છત્ર ધરાવતી પાર્શ્વનાથની મૂર્તિ, સિંહના સિંહાસન પર બેઠેલ મહાવીર, બ્રાહ્મી, સુંદરીની મૂર્તિઓ મુખ્ય છે. જૈનોના ૨૪ તીર્થંકરો



થાંભલા પર કોતરેલા જોવા મળે છે. લગભગ ૨૦૦ પગથિયાં ધરાવતી બદામી ગુફા મંદિરો જોવા હજારોની સંખ્યામાં વિદેશીઓ આવે છે. ડિસેમ્બર - જાન્યુઆરી મહિનો એ વિદેશીઓ માટેનો મહિનો હોય છે. વિદેશીઓમાં લોકપ્રિય એવાં આ શિલ્પશાસ્ત્રના ઉત્તમ ઉદાહરણરૂપ મંદિરો માટે ભારતીયોની ઉપેક્ષા જોઈ મન ખિન્ન થાય છે. ભૂતકાળના આ કારીગરોએ કેટલી મહેનત, એકાગ્રતા, ધગશથી આ કામ કર્યું હશે અને તેથી જ આ કારીગરો અને આ રાજાઓ જેમણે આ કારીગરોને પ્રોત્સાહન આપ્યું એ બધાને સલામ કરવાનું મન થાય છે અને ભારતીય હોવાનો ગર્વ થાય છે.



- બદામી થી હોસ્પેટ લગભગ ૧૩૦ કિમી થાય. વચ્ચમાં ચાલુક્ય વંશની કુળદેવી - જે પાર્વતીનો અવતાર મનાય છે તે બનીશંકરી દેવીનું મંદિર જોયું. ૭મી સદીનું કાળા પથ્થરથી બનેલ આ મંદિર ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે.

ત્રીજો દિવસ – તુંગભદ્રા નદીકિનારે વસેલ વિજયનગર સામ્રાજ્ય - જેના રાજા કૃષ્ણદેવરાય હતા તે સમૃદ્ધ, સંસ્કારી વસાહત હતી. આજે હમ્પી તરીકે ઓળખાતા આ સ્થળમાં તે વખતે રાજાએ ૪૦૦૦ની આસપાસ મંદિરો, મહેલ, શિલ્પો બનાવ્યાં હતાં જેમાંથી ઘણાં ખંડેર થઈ ચૂક્યાં છે, પણ ખંડેરમાં પણ કારીગરોની કળા ઝળકે છે. મુખ્ય મંદિર વીરૂપક્ષ જ્યાં ૫૦ મીટર ઊંચું ગોપુરમ (શિખર) છે જે દક્ષિણ મંદિરોની Style છે. એક જ પથ્થરમાંથી કોતર્લ ભવ્ય નંદી વિરૂપક્ષ મંદિરથી ૧ કિમી દૂર કોતરેલો દેખાય છે. કૃષ્ણદેવરાયના ભાઈ અચ્યુતરાવ બંધાવેલાં મંદિરો તે વખતની સ્થાપત્યકળાના ઉત્તમ નમુના છે. હનુમાન અહીં જન્મયા હતા એવી માન્યતા છે અને ૪૦૦ પગથિયાં ચડી ટેકરી પર હનુમાન મંદિર છે ગોળાકાર ટોપલી જેવા આકારની હોડીમાં ત્યાંની નહેરમાં નૌકાવિહારનો આનંદ લઈ શકાય છે.



વિજયવિઠલ મંદિરમાં ગરુડરથ એ ભારત સરકારે ૫૦ની નોટ પર છાપી છે. સંગીતના સુરો થાંભલાને ધીમેથી ઠપકારતા નીકળે એવું અદ્‌ભુત મંદિર અહીં છે, પણ એ સારી હાલતમાં રહે એ માટે પ્રવાસીઓને અંદર જવા દેવાતા નથી. લક્ષ્મી નરસિંહાની વિશાળ મૂર્તિ અને ભવ્ય શિવલિંગ જોવાલાયક છે. પર્શિયા, આરબ, મોંગોલિયન, પોર્તુગીઝ, ચાઈનીઝ વગરે અહીં વેપાર અર્થે આવતા ત્યારે તેમના પોશાક સાથેની કોતરણી મંદિરના બહારના આવરણમાં દેખાય છે. હજારરામ મંદિરમાં રામાયણના પ્રસંગો અંદર-બહાર કોતરેલા જોવા મળે છે. લગભગ હજારરામની કોતરણી હોવાથી આ મંદિરનું નામ હજારરામ મંદિર પાડવામાં આવ્યું છે. વિષ્ણુના દશ અવતારો એક થાંભલા પર કોતરેલા જોવા મળે છે. રાજાની રાણીઓ માટે કમલ આકારનું કમલ મહેલ અને હાથી રાખવા માટે હાથીગૃહ પણ સુંદર કોતરણીથી દીપી ઉઠે છે. હોસ્પેટથી ગદગીના રસ્તો લાકુંડીમાં કાશી વિશ્વનાથ અને બ્રહ્મ જિનાલયની સુંદર - બારીક કોતરણી કારીગરોની કુશળતા બતાવે છે. તુંગભદ્રા નદી પર બનાવેલ ડેમ અર્વાચીન ટેક્નૉલૉજીની સુંદર ઉદાહરણ છે.

- અહીં દરેક સ્થાપત્ય ભલે તે મંદિર, મહેલ હોય, કંઈ ને કંઈ વિશિષ્ટ છે. ૬ સદીથી ૧૪ સદી સુધી ક્રમશઃ બનેલાં આ મંદિરોની કોતરણી, થાંભલાઓની, વિશિષ્ટ રચના, દેવી-દેવતાઓની મૂર્તિ વગેરેમાં પ્રાચીન ભારતની ભવ્યતા, સમૃદ્ધિ અને શિલ્પશાસ્ત્રનું અદ્‌ભુત જ્ઞાન દૃષ્ટિમય થાય છે. રાજાઓના પ્રોત્સાહન વગર આટલું શક્ય ન જ થાય. ત્યારના રાજા (Secular) ધર્મસહિષ્ણુ, પ્રજાવત્સલ હતા તે દેખાઈ આવે છે.

– અમારા ગ્રુપ માટે ગૌરવની વાત એ હતી કે અમારી સાથે એક બેન હતાં જે શિલ્પ, સ્થાપત્યના જાણકાર હતા. તે બેનનો આ રસનો વિષય હતો દરેક સ્થાપત્ય - મંદિર, મહેલ - વગેરે વિશે એમને ઘણી જાણકારી હતી અને તેથી આ ચાર દિવસની યાત્રા અમારા બધા માટે એક સુખદ્ સંભારણું બની રહ્યું.

મો. : ૯૭૬૯૦૦૮૮૧૯

# માનસિક સ્વાસ્થ્ય

ડૉ.શિરીષ ચુનીલાલ માલદે

લોકોમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા, સાચી માહિતી આપીને યોગ્ય માર્ગદર્શન આપવા, માનસિક બીમારીઓ વિષે ગેરસમજ દૂર કરવા, માનસિક બીમારીઓ ધરાવતા દરદી પ્રત્યે સહાનુભૂતિપૂર્વકનું વલણ નિર્માણ કરવા માનસિક સ્વાસ્થ્ય દિવસ દર વર્ષે ૧૦ ઑક્ટોબરના મનાવવામાં આવે છે.

આપણા જીવનમાં શારીરિક સ્વાસ્થ્યની બાબતમાં આપણે ઘણા જાગૃત હોઈએ છીએ અને તે જાળવવા માટે ઓછા-વત્તા અંશે આપણે પ્રયત્નો પણ કરતા હોઈએ છીએ, પણ જાણતા–અજાણતા માનસિક સ્વાસ્થ્ય માટે કુદરતી રીતે દુર્લક્ષ થતું હોય છે. વળી આ બાબતમાં લોકોમાં પ્રવર્તતી ગેરસમજણ અને સંકોચને લીધે પણ ઘણું દુર્લક્ષ થતું હોય છે.

બૌદ્ધિક (Intellectual), ભાવનિક (Emotional) અને સામાજિક (Social) - આ ત્રણ સ્તરે માનસિક સ્વસ્થતા રહે તો માનસિક આરોગ્ય ઉત્તમ કહી શકાય. મનુષ્યની વિચારસરણી, ભાવનાઓ અને વર્તણૂક મહદ્ અંશે માનસિક આરોગ્ય ઉપર અવલંબે છે. સ્વસ્થ મન વ્યક્તિમાં સકારાત્મક ઊર્જાને નિર્માણ કરે છે, જ્યારે બીજી તરફ વ્યક્તિ જ્યારે માનસિક અસ્થિરતા અનુભવે, ભાવનિક ચંચળતા મહેસૂસ કરે, નિરાશા, ઉદાસી અનુભવે કે, પછી નકારાત્મક વિચારોથી ઘેરાયેલ હોય અને એકલાપણું મહેસૂસ કરે તે ખરાબ માનસિક સ્વાસ્થ્યની નિશાની છે.

અહીંયાં માનસિક બીમારીઓ (Mental illness) અને ‘‘ખરાબ માનસિક આરોગ્ય (Poor Mental Health)’’ આ બંને વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

માનસિક બીમારીઓમાં મૂડ ડિસઑર્ડર જેમાં ડિપ્રેશન તેમ જ એન્ઝાઈટી ડિસઑર્ડર જેમાં વિવિધ પ્રકારના ભય (ફોબિયા) કે પછી ઑબ્સેસિવ ડિસઑર્ડર (ફરીફરીને તે જ વૃત્તિનું પુનારાવર્તન કરવું) અને સ્કિઝોફ્રેનીઆ જેવી બીમારીઓનો સમાવેશ થાય છે.

ખરાબ માનસિક સ્વાસ્થ્ય ત્યારે કહેવાય જ્યારે તે વ્યક્તિ જીવનના વિવિધ તનાવ સ્ટ્રેસનો સામનો કરવા અસમર્થતા મહેસૂસ કરે અથવા ગુસ્સો, ઈર્ષા જેવા નકારાત્મક વલણ પર કાબૂ ન રાખી શકે.

માનસિક સમસ્યાઓનું પ્રમાણ ધાર્યા કરતાં ઘણા વધારે પ્રમાણમાં છે. આ એક હિમશિલાના ટોચની જેમ જેટલું ઉપરથી દેખાય છે તેના કરતાં અનેક ગણું પ્રમાણ સમાજથી અને અન્ય લોકોની નજરથી સંતાયેલું રહે છે. જીવનમાં લગભગ દરેક વ્યક્તિ વિપરીત સંજોગોનો સામનો ક્યારેક ને ક્યારેક કરે જ છે. પ્રતિકૂળ પરિસ્થિતિ ઘણી વખત ટૂંકા સમયની હોય છે

તો ક્યારેક તે અતિ લાંબા સમય સુધી પણ રહે છે. પોતાની આંતરિક ક્ષમતા પ્રમાણે દરેક વ્યક્તિ તે પરિસ્થિતિનો સામનો કરવાની કોશિશ કરે છે. ઘણી વાર સફળ થઈને જીવનમાં પ્રગતિ સાધે તો ઘણી વ્યક્તિઓ આ વિપરીત પરિસ્થિતિમાં માનસિક સમસ્યાઓનો શિકાર બને છે.

માનસિક બીમારીઓ સમાજના દરેક સ્તરમાં જોવા મળે છે. તેનું પ્રમાણ ઘણું ચોકાવનારું છે. એક સર્વેક્ષણ પ્રમાણે લગભગ પાંચમાંથી એક વ્યક્તિ માનસિક બીમારી ધરાવતી હોય છે. દર ૨૫માંથી એક વ્યક્તિ સિરિયસ કહી શકાય તેવી માનસિક બીમારીથી પીડાતી હોય છે.

બાળકોમાં પણ આનું પ્રમાણ ધાર્યા કરતાં ઘણું વધારે જોવા મળે છે.

પુખ્ત વયની વ્યક્તિઓમાં જોવા મળતી માનસિક બીમારીઓનું બીજ મહદ્અંશે બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થામાં રોપાતું હોય છે.

૫ થી ૧૫ વર્ષની વયનો સમયગાળો બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ મહત્ત્વનો છે, કારણકે બાળકોના જીવનમાં પ્રાથમિક શિક્ષણ અને ઘડતરનો પાયો આ જ ઉંમરમાં નખાતો હોય છે અને બાળકોમાં નવું શીખવાની ગ્રહણશક્તિ આ જ ઉંમરમાં મહત્તમ પ્રમાણમાં હોય છે.

હવે આપણે અમુક માનસિક બીમારીઓ વિશે ટૂંકમાં માહિતી મેળવીએ :

**એન્ઝાઈટી (Anxiety) ડિસઑર્ડર:** સતત ચિંતા કે ફિકરમાં રહેવું. મનમાં સતત અજંપો રહેવો. જીવનમાં ઘણાં પડકારજનક અને કઠિન કાર્યો માટે ફિકર કે ચિંતા સ્વાભાવિક છે, પણ જ્યારે તે ફિકર મર્યાદા ઓળંગી જાય અને વ્યક્તિનાં રોજિંદા કાર્યોમાં પણ ખલેલ પડે તેટલી નકારાત્મક ચિંતાથી સતત ઘેરાયેલો રહે તે એન્ઝાઇટી ડિસઑર્ડર. નિષ્ફળ જવાના ભયથી કે અતિવિચારોને લીધે મનુષ્યની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. અમુક તીવ્ર એન્ઝાઈટી, ફોબિયા (અતિશય ભય હોવો) પેદા કરે છે. ફોબિયા વિવિધ પ્રકારના હોય છે જેનાથી વ્યક્તિને સામાન્ય જીવન જીવવા માટે ખલેલ પડતી હોય છે. એટલું જ નહીં પણ આવા ફોબિયાને લીધે તે વ્યક્તિની નજીકના લોકો પણ પરેશાન થઈ જતા હોય છે.

**ડિપ્રેશન અને બાયપોલર ડિસઑર્ડર અથવા મૂડ ડિસઑર્ડર :** માનસિક બીમારીઓમાં આ બીમારી સૌથી વધુ જાણીતી અને સૌથી વધુ ચર્ચિત બીમારી છે. ડિપ્રેશન એટલે નિરાશા અને ઉદાસીભરી સ્થિતિ. જીવનમાં દરેક વ્યક્તિને પ્રતિકૂળ પરિસ્થિતિમાં થોડી નિરાશા જરૂર મહેસૂસ થતી હોય છે. કોઈ પણ ક્ષેત્રમાં નિષ્ફળ જવાથી અથવા ધાર્યા પ્રમાણે સફળતા ન મળવાથી આ પરિસ્થિતિ થોડા સમય માટે જરૂર રહે છે. નજીકની વ્યક્તિની જુદાઈ, પ્રણયભંગ, વિશ્વાસઘાત, આપ્તજનોનું મૃત્યુ, લાંબી શારીરિક બીમારી, વ્યવસાયમાં નિષ્ફળતા, ધંધામાં મોટી ખોટ, આર્થિક નુકસાન, લગ્નજીવનમાં ભંગાણ ઈત્યાદિ અનેક કારણોસર વ્યક્તિ નિરાશાની ગર્તામાં ધકેલાઈ જતી હોય છે. પોઝિટિવ ઍટિટ્યૂડવાળી વ્યક્તિ આ વિપરીત સંજોગો સામે લડત આપીને

સામાન્ય જીવન જીવી શકે છે, પણ ઘણી વ્યક્તિઓ લાંબા સમય સુધી ઉદાસી મહેસૂસ કરીને હતપ્રભ થઈને પરિસ્થિતિ સામે ઘૂંટણિયા ટેકી દઈને સતત નિરાશ રહે છે.

ડિપ્રેશનની અસર વ્યક્તિના જીવનમાં ઘણી ઘેરી હોઈ શકે છે. તેમની વિચારસરણી તો જબરજસ્ત રીતે અસર પામે છે, પણ તેમનો આહાર, નિદ્રા અને સામાન્ય વર્તણૂક પણ ઘણી વખત અસર પામે છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ વિવિધ પ્રકારનાં વ્યસનો ને આધીન થતી હોય છે.

ડિપ્રેશનની સ્થિતિ હાઈ બ્લડ પ્રેસર, ડાયાબિટીસ, હૃદયરોગ અને અન્ય સ્ટ્રેસથી પેદા થતા ઘણા રોગોને જન્મ આપે છે જેથી વ્યક્તિનું શારીરિક સ્વાસ્થ્ય પણ જોખમાય છે. સતત નકારાત્મક વિચાર ધરાવનાર વ્યક્તિ ક્યારેક આપઘાત કરવા જેવું અંતિમ પગલું પણ ભરતી હોય છે.

**ડિપ્રેશનના મુખ્ય પ્રકાર :**

**A ક્લિનિકલ મેજર ડિપ્રેશન :**

ઉપર દર્શાવેલ બધાં કારણોને લીધે વ્યક્તિ ડિપ્રેશનનાં તીવ્ર લક્ષણો અનુભવે છે. સતત ઉદાસી મહેસૂસ કરે છે. મનગમતી પ્રવૃત્તિઓ કે હોબીમાંથી પણ રસ ઊડી જાય છે અને પોતાનું જીવન વ્યર્થ લાગે છે. વિશ્વનાં દરેક ક્ષેત્રની ટોચ પર રહેલ વ્યક્તિઓ જેવી કે ચાર્લી ચેપ્લીન, અમિતાભ બચ્ચન, સચીન તેંડુલકર, ધોની, કંગના રનોત, દીપિકા પદુકોણ જેવી અનેક હસ્તીઓએ જીવનમાં અમુક તબક્કાઓમાં ડિપ્રેશનનો સામનો કરેલ છે.

લગ્નજીવનમાં ખટરાગ અને અણબનાવ એ વ્યક્તિના જીવનમાં અનોખા પ્રકારનું ડિપ્રેશન લાવે છે. સફળ લગ્નજીવન આમ તો વ્યવસ્થિત આગોતરી તૈયારી માગી લે છે, પણ દિવાસ્વપ્નોમાં રહેતા નવપરિણીત યુગલો જ્યારે એકબીજા વચ્ચેના ભેદને પારખી નથી શકતાં અને એકબીજાને પૂરક નથી થઈ શકતાં ત્યારે ઘર્ષણ ઊભું થાય છે. મનમેળ ન હોય તેવા જીવનસાથી અને તેમના કુટુંબીજનો સાથે રહેવું તે વ્યક્તિને અતિદુષ્કર લાગે છે. તે સતત તનાવગ્રસ્ત પરિસ્થિતિ અને ગુંગળામણ મહેસૂસ કરે છે. આ પરિસ્થિતિ અસહ્ય બનતા તે વ્યક્તિ છૂટાછેડાનો વિચાર કરે છે અને લગ્નજીવનમાં ભંગાણ પડે છે. (લગ્નજીવનમાં આવતી સમસ્યાઓનું નિરાકરણ કરવા તથા સંભવિત ભંગાણ અટકાવવા માટે કેન્દ્રીય મધ્યસ્થ સમિતિએ પ્રિ-મૅરેજ કાઉન્સિલિંગના કાર્યક્રમો સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે શરૂ કરેલ છે.)

**જાતીય જીવનની નિષ્ફળતા:** લગ્નજીવનમાં જાતીય જીવનનું મહત્ત્વ ઘણું જ છે. પણ કમનસીબે કહેવાતાં સંકોચ કે અન્ય કારણોસર આ બાબત ઉપર દુર્લક્ષ કરવામાં આવે છે. જીવનની બધી પ્રાથમિક સુવિધાઓ આપણને અન્ય ઠેકાણેથી મળી રહે છે, પણ જાતીય જીવનની જરૂરિયાતો માટે બંને પાર્ટનરોએ એકબીજા પર નિર્ભર રહેવું પડે છે અને માટે જ બંને જીવનસાથી વચ્ચે સુમેળભર્યા સંબંધો જરૂરી છે. કમનસીબે

આપણા ભારતીય સમાજમાં જાતીય શિક્ષણ મોટે ભાગે આપવામાં આવતું નથી અથવા તો તે બહુ મર્યાદિત હોય છે. કિશારોવસ્થામાં થતા શારીરિક ફેરફારો વિશે બાળકોને અવગત કરાતાં નથી તેથી તેઓ વિવિધ પ્રકારની ગેરસમજણનો ભોગ બનીને તનાવ મહેસૂસ કરે છે. યોગ્ય સ્રોત્રથી ખરી માહિતી ઉપલબ્ધ ન થવાને લીધે તેઓ પોર્નોગ્રાફી જેવા સ્રોત તરફ વળે છે અને ભૂલ ભરેલી અનેક ગેરસમજણોનો ભોગ બને છે. સેક્સ વિશે હવે ચર્ચા ભલે થતી હોય છે, પણ યોગ્ય માહિતીના સ્તોત્ર હજી પણ બહુ ઓછા છે. ઈન્ટરનેટ ઉપર કહેવાતા ઈન્ફ્લુએંસર લવ-કોચ અને સેક્સ-કોચ બહુ ઉપરછલ્લી અને અધકચરી માહિતી આપે છે. જાતીય શક્તિવર્ધક ઔષધોનો ઓનલાઈન રાફડો ફાટ્યો છે. આ પરિસ્થિતિમાં અજ્ઞાનતાને લીધે જાતીય સમસ્યાગ્રસ્ત યુવક-યુવતીઓને મોટે ભાગે નિરાશા જ સાંપડે છે. જાતીય અસંતોષ ઘણાં યુગલો વચ્ચે ખાઈ ઉભી કરે છે. ''દુખે છે પેટ અને કૂટે છે માથું'' જેવી પરિસ્થિતિ સર્જાઈ ને ઘણાં યુગલો સતત સંઘર્ષમય લગ્નજીવન વિતાવે છે. ઘણાં યુવક-યુવતીઓમાં ડિપ્રેશનનું આ એક છૂપું કારણ છે જે સામે આવતું નથી.

દરેક જાતીય સમસ્યા અજ્ઞાનતા અને માનસિક કારણોસર જ હોય છે એવું જરૂરી નથી. બીજાં અનેક શારીરિક કારણોસર પણ જાતીય સમસ્યાઓ ઉદ્ભવતી હોય છે, જેની માટે એક યોજનાબદ્ધ વૈદ્યકીય તપાસ અને ટ્રીટમેન્ટ ઉપલબ્ધ છે. મેડિકલ અભ્યાસક્રમમાં પણ જાતીય સમસ્યાની સારવારનો સમાવેશ નથી હોતો. જે ડૉક્ટરો તબીબી વિજ્ઞાનના નવા આવિષ્કારથી પરિચિત નથી તેઓ પણ લોકોને જાતિય સમસ્યાઓ માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં ઊણા ઊતરે છે.

B. **Persistent Depressive Disorder:** અમુક લોકો વર્તમાનમાં પ્રવર્તતી વિવિધ પરિસ્થિતિઓને લઈને કાયમ ચિંતિત અને થોડે ઘણે અંશે ઉદાસ રહેતા હોય છે.

C. **Seasonal Depression:** અમુક લોકોને ઋતુ પ્રમાણે મૂડમાં ચડ-ઊતર જોવા મળતો હોય છે. કેનેડા, યુએસ અને યુકે જેવા અતિ ઠંડા પ્રદેશમાં શિયાળાના દિવસો બહુ ટૂંકા હોય છે અને લગભગ ૧૫ થી ૧૮ કલાક અંધારું હોય છે. આવી ઋતુમાં એકલાપણાને લીધે વ્યક્તિના મનમાં ઉદાસી છવાઈ રહે છે.

D. **પરિસ્થિતિજન્ય ડિપ્રેશન :** ટીબી, કૅન્સર, લકવા, કમર કે મણકાનો સતત દુખાવો, માથાનો સતત દુખાવો કે પછી લાંબા ગાળા માટે થયેલ કોઈ પણ બીમારીને લીધે વિવિધ કારણોને લીધે પણ વ્યક્તિ ડિપ્રેશન અનુભવે છે. મહિલાઓમાં માસિક પહેલા Premenstrual Syndrome (PMS) અને અમુક કિસ્સાઓમાં પ્રસૂતિ પછી હંગામી Post Partum Depression (PPD) જોવા મળે છે.

ક્રમશઃ

ગામ : ભુજપુર
મો. : ૯૮૬૯૦૩૦૮૦૯

# સાહિત્ય-અમૃત



**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*ગતાંકથી આગળ ....*

*ઇતિહાસ કેવળ ઇતિહાસનાં પુસ્તકોમાં નથી હોતો. પુસ્તકોમાં જે મુદ્રિત થાય છે તેથીય વિશેષ સંબંધિતોના સંવેદનતંત્ર પર એનું આલેખન થાય છે જેમાંનું ઘણું સદાય અગમ્ય જ રહે છે. આ અગમ્યનો તાગ મેળવવાની મથામણ તો અનંત જ રહેવાની. અમૃતા કોઈ એવા પ્રદેશની પ્રવાસી છે જ્યાંની હવામાં કોઈ અગમ્ય અનુભૂતિઓ ઓગળી ગઈ છે. આ શબ્દાતીત અનુભૂતિઓને પ્રકટ કરવાનું સામર્થ્ય શબ્દોની પરિસીમાની બહાર હોય છે.*

*અમૃતાના જીવનમાં એવા સંબંધો આવ્યા જે મૈત્રીના પવિત્ર સંબંધો બનીને જીવંત રહ્યા. આ સંબંધોની અનુભૂતિઓને શબ્દોમાં પ્રકટાવવાનો પ્રયાસ કેવળ પ્રયાસ જ રહેશે અને તે છતાં શબ્દોને સહારે, ઓગળી ગયેલી અનુભૂતિઓનો સ્પર્શ રોમે રોમે પ્રકટશે જ!*

*અમૃતાના જીવનમાં સજ્જાદ એક એવું પાત્ર હતું જેની પવિત્ર મૈત્રીની સુવાસ ક્યારેય વિલય નહીં પામે.*

*૧૯૭૩ના ઑગસ્ટની ૧૮મી તારીખ. દેશના વિભાજન પછી પાકિસ્તાન સાથેના તંગ સંબંધોમાં સુલેહ સ્થાપવા વાતચીત - વિચારણા કરવા પાકિસ્તાનથી એક પ્રતિનિધિ મંડળ આવેલું છે. અશોકા હોટેલમાંથી ફોન આવે છે: 'સુલેહની વાતચીત કરવા એક ડેલિગેશન આવેલું છે, હું તેનો એક મેમ્બર બોલી રહ્યો છું.....'*

*અમૃતા આશ્ચર્યથી અવાક્ થઈ જાય છે. જમતી હતી. હાથમાંનો કોળિયો હાથમાં રહી ગયો. અર્ધા કલાકમાં એ મેમ્બર સજ્જાદનો પત્ર અને મોકલેલું પુસ્તક લઈને આવી રહ્યો હતો.*

*અને એ આવે છે. અમૃતા એને સંબોધીને કહે છે...*

'આ વખતે સુલેહની વાતચીત પૂરી કરીને જજો. એ દેશોમાં અંદરોઅંદર શાની દુશ્મનાવટ, જેમના શેર એકબીજાનાં ઘરોની દીવાલો પર બેઠા છે.'

મીઠો જવાબ મળ્યો: 'ઈન્શા અલ્લાહ, જરૂર સુલેહ થશે'.

*'અમૃતા પત્ર ખોલે છે. કાળી શાહીના શબ્દો જાણે સોનેરી થઈ ગયા છે: પત્રના શબ્દેશબ્દે એક અક્ષય પાત્રમાંથી 'મૈત્રી' નામનું પવિત્ર જળ છલકી રહ્યું હતું. શબ્દોમાંથી પ્રકટતા ઐક્ય અને આત્મીયતાના ભાવનો સ્પર્શ પત્ર વાંચતાં જ થાય....'*

'એમી, તને પત્ર મોકલવાની તક ગુમાવી શકાય નહીં - જ્યારેજ્યારે કોઈ મહેરબાની સરહદ ચીરવા માંડે છે ત્યારે. મારો આગલો પત્ર તને રોમથી પોસ્ટ કર્યો હતો. મને આશા છે કે તે તને મળી ગયો હશે. આ વખતે એવો સંજોગ થયો છે કે આ પત્ર કદાચ તને હાથોહાથ પહોંચાડી શકાય. એ લઈ આવનાર મારો એક પ્રિય મિત્ર છે, એ કદાચ તને મળવાનું પણ શક્ય બનાવે. **હું તને જોવા ઝંખું છું - એટલું બધું કે ભલે એક વિશ્વાસુ મિત્રની આંખે જ જોઉં. મેં એને કહ્યું છે - ફોન કરે, પૂછે કે મુલાકાત શક્ય છે? જો મુલાકાત થાય તો એ પાછો આવશે ત્યારે હું એને કેટલી બધી વાર સુધી પ્રશ્નો પૂછતો રહીશ - એ કેવી લાગે છે? એણે કેવાં કપડાં પહેર્યાં હતા? એ હસી હતી?**

મારે વિશે એણે શું કહ્યું ? એ હજીય એવી ને એવી જ છે ? - એકસો સવાલ. એ સદ્ભાગી છે. હું એક ઊડતી પળની મુલાકાત માટે તલસ્યા કરું છું.

ખલિલ જિબ્રાનો જ્યારે કહ્યું હતું: 'જિંદગીનો ઉદ્દેશ જિંદગીનાં રહસ્યો સુધી પહોંચવાનો છે - અને દીવાનાપણું' એનો એકમાત્ર રસ્તો છે. હું વિચારવા લાગી - ત્યારે મારા સજ્જાદનું નામ ખલિલ જિબ્રાન હતું.

*કેવો અદ્ભુત પત્ર!*

*મૈત્રીની આ અદ્ભુત ઘડીઓ, હા એ ઘડીઓ કેવળ અલપ-ઝલપ જ હતી. શું હવે પછી પણ આમ જ હશે! દેશના વિભાજને આ અલૌકિક ભાવનાઓની વચ્ચે સરહદ નામની એક કૃત્રિમ દીવાલ ઊભી કરી દીધી છે જેની બન્ને તરફ નફરતની કાંટાળી ભૂમિનું સર્જન થઈ રહ્યું છે. એ ભૂમિ પર લોહી-આંસુ-ધિક્કાર-કતલ, મૃત્યુનો જ ઉછેર થશે ? શું આ ભૂમિ પર મૈત્રી ભાવના પાવન ઝરણાની સરવાણી ક્યારેય નહીં ફૂટે!*

*અને અમૃતાને એ દિવસોની યાદ આવે છે. એ દિવસો જ્યારે એના દૃષ્ટિપથ પર કોઈ સ્વજન, જેને એ આત્મીય કહી શકે એનું અસ્તિત્વ નો'તું. કોનો ભરોસો કરવો ?*

જિંદગીમાં ઘણા એવા દિવસો આવ્યા છે, જ્યારે હાથમાં પકડેલી કલમને ગળે લગાડીને રડી છું.

'ઈશ્વર જેવો ભરોસો તારો' કોણ જાણે ક્યારે અને કોણ કોનો બની જાય છે.

આ કલમ મારે માટે હંમેશાં હાજરાહજૂર ઈશ્વર જેવી રહી છે. એને આંખથી જોઈ શકું છું. હાથથી સ્પર્શી શકું છું અને એક સૂના કાગળની જેમ એને ગળે વળગી શકું છું.

*દેશના વિભાજન પૂર્વેના એ દિવસોમાં અમૃતાની સર્જનાત્મકતાએ વૈવિધ્ય દાખવ્યું. લાહોરની સાંસ્કૃતિક ભૂમિ પર વિવિધ કલાસ્વરૂપો ખીલી રહ્યાં છે. અમૃતાએ ફોટાગ્રાફીનો શોખ કેળવ્યો. પિતાજીએ ઘરમાં ડાર્ક રૂમ બનાવ્યો હતો. ફિલ્મનું નિગેટિવમાંથી પોઝિટિવમાં રૂપાંતર થતું ત્યારે સંસારના અવનવા રંગો દેખાતા અને પછી નૃત્યકલા તરફ મન ફંટાયું. લાહોરમાં તારા ચૌધરી પાસે છએક મહિના નૃત્યની તાલીમ લીધી અને જ્યારે તારા સાથે સ્ટેજ પર કળાના કામણ પાથરવાનો સમય આવ્યો ત્યારે ઘરમાંથી પરવાનગી ન મળતાં નૃત્યનો શોખ કરમાઈ ગયો અને એમાંથી સિતાર વગાડવાનો શોખ અંકુરિત થયો.*

*લાહોર રેડિયોસ્ટેશન પરથી કેટલીય વાર સિતાર વગાડી અને લાહોરના લૉરેન્સ ગાર્ડનની પાછળની બાજુએ લોન પર ટેનિસ પણ શીખતી હતી. ૧૯૪૭માં દેશનું વિભાજન થયું અને બધા જ શોખની સમાપ્તિ થઈ. જીવનમાં એનું કોઈ સ્થાન ન રહ્યું. હવે તો સવાલ હતો નિર્વાહ અર્થે આજીવિકા રળવાનો. ૧૯૪૮માં એમ. એસ. રંધાવા સાથે મુલાકાત થઈ અને દિલ્હી રેડિયોસ્ટેશનમાં એમણે નોકરી અપાવી. બાર વર્ષ સુધી દિલ્હી રેડિયોસ્ટેશન પર નોકરી કરી. શરૂઆતનાં વર્ષોમાં રોજના પાંચ રૂપિયાને હિસાબે મહેનતાણું મળતું. કોઈ બચત કે અન્ય કશું તો હતું નહીં એટલે શરીરને માંદા પડવાનો પણ અધિકાર નહોતો, કારણકે ગેરહાજર રહેતાં આજીવિકાના પાંચ રૂપિયા કપાઈ જતા અને અમૃતા કહે છે....*

જોયું - જિંદગીની દરેક ચડતીપડતી વખતે મારી સાથી રહી એ મારી કલમ હતી. કોઈ ઘટના મારી એકલી પર વીતે કે દેશના ભાગલા જેવો કોઈ કાંડ લાખો લોકોની સાથે થાય, આ કલમ મારાં અંગોની જેમ, એક અંગ જ બનીને રહેતી. એટલે કેવળ એ જ જિંદગીનો સંકલ્પ હતો, બીજા બધા શોખ જાણે ખાતર બનીને એની નસોમાં સમાઈ ગયા.

*કેટલાંય વર્ષો પછી અચાનક સાહિર સાથે મુલાકાત થઈ. એના મીઠા આગ્રહથી એના ઘરે બે દિવસ રહી, પરંતુ ...! સાહિર અને ઈમરોઝ એ બન્ને સંબંધોનું પાવિત્ર્ય અને એ પાવિત્ર્યમાં પણ અજંપાભરી એક ટીસ હતી. એ દિવસોમાં એક કવિતા 'રોજી' લખી હતી. અમૃતા કહે છે....*

જ્યારે 'રોજી' કવિતા લખી હતી,

'જે કમાવું એ જ ખાવું, ને કોઈ ટુકડો કાલનો બચ્ચો, ન તલમાત્ર કાલને માટે...

ત્યારે એ 'આજ'ની આંખોમાં દુઃખની લાલ ટશરો હતી. એ નસીબને સ્વીકાર્યું હતું, પણ દાંત નીચે હોઠ દબાવીને.

*અમૃતાના મનમાં ખળભળાટ મચ્યો છે. એ કહે છે: હવે બધાથી વિદાય લેવાની પળ આવે તો સહજ મનથી વિદાય લઈ શકું છું. પણ પછી કહે છે. 'જેમણે જીવનમાં ક્યારેય કશો સંબંધ નથી રાખ્યો એવા બધા મૃત્યુ સમયે આસપાસ ઊભા રહી જાય છે ભીડ કરવા. એ કહે છે:*

ભીડનો મારી જિંદગી સાથે પણ કાંઈ સંબંધ નહોતો. ઈચ્છું
છું કે એનો મારા મૃત્યુ સાથે પણ કાંઈ સંબંધ ન હોય.

*વાંકદેખા પંજાબી મીડિયા અને સમકાલીન સાહિત્યકારોએ અમૃતા વિરુદ્ધ ઝેર ઓકવામાં ક્યારેય પાછળ નથી જોયું. બધું યાદ કરતાં અમૃતા કહે છે કે, એની નવલકથા 'દિલ્હી કી ગલિયાં'માં આ બધું વર્ણવ્યું છે અને કહે છે:*

મારી માટીને ફક્ત મારાં બાળકોના અને ઈમરોઝના
હાથ પૂરતા છે. ફક્ત પૂરતા નહીં, ગનીગત છે.

*અને અમૃતા કંઈક દર્દ સાથે, કંઈક આક્રોશપૂર્વક કહે છે: હું ઈચ્છું છું કે ઈમરોઝ મારી માટી પાસે મારી કલમ મૂકે.*

*એરિક હાફેરના શબ્દોને યાદ કરતાં કહે છે:*

મનુષ્ય ઈશ્વરની એક અધૂરી રચના છે અને એનો દરેક સંઘર્ષ ઈશ્વરે અધૂરા છોડેલા કામને પૂરું કરવાનો પ્રયત્ન હોય છે. ક્યારેક મારી 'યાત્રી' નવલકથા વિશે કંઈક લખતી વખતે મેં લખ્યું હતું - 'આ પોતાનાથી આગળ પોતાના સુધી પહોંચવાની યાત્રા છે.' આજે એરિક હાફેરને વાંચતાં લાગ્યું કે, આ પોતાનાથી આગળ પોતાના સુધી પહોંચવાનો પ્રયત્ન કદાચ અધૂરા સ્વયંને કંઈક પૂર્ણ કરવાનો જ પ્રયત્ન છે. એટલે જ **જે કલમ આ સમગ્ર રસ્તા પર મારી સાથે રહી, તે માંસની માટી થઈ જવાની સીમા સુધી મારી સાથે રહે એમ ઈચ્છું છું.**

*જેણે પોતાનું સમસ્ત જીવન કલમને ખોળે મૂક્યું હતું એ અમૃતાને નતમસ્તકે પ્રણામ. આવી કલમ પ્રત્યેની વફાદારી ક્યારેય, ક્યાંક પણ મળશે ?*

*(ક્રમશ:)*

*હવે પછી : 'સત્ય એક પ્રશ્ન'*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ - બાડા**

# પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

**પગદંડી ઑક્ટોબર ૨૦૨૪ અંક**

પગદંડી ઑક્ટોબર, ૨૦૨૪ અંકમાં સારાં ઉપયોગી સુવાક્યો મને ગમ્યાં.

૧) અશ્વિન માલદે - ભુજપુર ''ચાલો જિંદગી જીવી જાણીએ''
જિંદગી જીવવી છે કે ફક્ત ગુજારવી છે? જિંદગી પોતાનાં લક્ષ્યો-આનંદ માટે પોતાની ઈચ્છાથી જીવવી જોઈએ. જિંદગીમાં બધું જ જાણી-સમજી, ઊંચું નિશાન રાખવું જોઈએ. જિંદગીમાં તંદુરસ્તી શારીરિક - માનસિક, લાગણીસભર હોવી જોઈએ. જિંદગીમાં પોતાની વાઈફને મિત્ર બનાવો.

૨) લીલાધર માણેક ગડા - ભોજાય, ''પગ મેં ભમરી''
ધર્મ વ્યક્તિ પૂરતો મર્યાદિત રહેવો જોઈએ. ધર્મને સંપ્રદાય બનાવવો નહિ જોઈએ. હવે મંદિરો-મસ્જિદો વધારે બનાવવાની જરૂર નથી. માનવતાનાં શુભ સ્થળો વધારે બનાવવા જોઈએ.

૩) કુસુમબેન ગાલા - ભોજાય, કાવ્ય- ''ચિંધા રખાં નતો''
સારાં કર્મોની ખેતી કરી, પાક કેવો ઉતરશે-
''ચિંધા રખાં નતો''
બધાને પોતાના બનાવી, પછી પારકાંની-
''ચિંધા રખાં નતો''
ભલુ કરતાં ખોટું બોલી, પછી પાપ-પુણ્યની
- ''ચિંધા રખાં નતો''
સેવા કરતા ઘસાઈ જવું આજે, કાલની
''ચિંધા રખાં નતો''
ગરીબ - ગોરબે જા આસુંડા લૂંછી, એનીજી આંધરી ઠારી, કર મેં જા ફળ કેડાં મલધાં એનજી ''ચિંધા રખાં નતો''
પાંજા ભેણ ''કુસુમ ગાલા'' ચેતા.

**''પગદંડી અંક - નવેમ્બર, ૨૦૨૪''**

૧) પગદંડી અંકના પગરણ થાય - દર મહિને મારે ઘરે, એ દિવસ ''આનંદમ્ પરમ સુખમ્''.

૨) પોતાના ઘરમાં કામ કરે તે ''ગૃહિણી'', બીજાના ઘરમાં કામ કરે તે ''નારાયણી''.

૩) શોષણમાંથી છુટકારો કેમ સંભવી શકે? માત્ર શિક્ષણ જ કોઈ પણ સમુદાયમાં આમૂલ પરિવર્તન લાવી શકે.

૪) પ્યારી પત્રિકા - દીકરી આપણી - ઉત્સાહથી વણથંભી દોડી રહી છે.
પગદંડીના પગલે - પગલે
ધન્ય - ધન્ય ... બેઉ માવતરોનેય

**- જયંતી વાલજી ગોગરી (લગોરિયન)**
ઘાટકોપર - ભુજપુર,
મો. : ૯૯૬૭૨ ૮૬૨૦૮

### Pagdandi November 2024 Issue

The first article, ANAND was superb by seeing the pic of innocent small laughing girl brings a smile to your face, the way Sanjaybhai has expressed his view ,it's really nice and true. We get small small happiness through small small incidents.

The article written by Hema Vira was too good. Especially as a woman, I feel very proud .When a woman gets love and respect from her child and family members, it is the real woman's day celebration.

'PAG ME BHAMARI' very informative article.

Positive thoughts in ‘EK STRI NI VARTA' by Rajeshbhai Savala is also good .

**Priti Vira,** Beraja- Matunga

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### વિચાર વલોણું કરાય

એક જમાનો હતો જ્યારે સધવા નારી કપાળે ચાંદલો કરતી ને નાકમાં નથડી પહેરતી. સધવા નારીની એ ઓળખ હતી, એટલે કોઈ પણ એને વાસનાથી ન જુએ. એ બન્ને તો શીલરક્ષાનાં સાધન હતાં.

જ્યારે નારી વિધવા બને તો કપાળે ચાંદલો ન હોય ને નાક કોરું હોય. એ વિધવાની ઓળખ હતી, પણ જો કોઈ નારી જુવાનીમાં વિધવા થાય તોય બીજા લગ્ન ન કરે, પણ શીલવંતી બનીને સંતોષથી જીવન જીવે. સમાજમાં પણ ત્યારે વાસનાનો વંટોળ નહોતો.

પણ આજે જમાનાએ કરવટ બદલી ને સમાજમાં ખોટું પરિવર્તન આવ્યું. સધવા નારીએ કપાળમાં તિલક કરવાનું છોડ્યું. નાક પણ કોરું રાખવા પ્રેરાઈ. એટલે પાપી લોકો એના પ્રત્યે વાસનાની નજરે જોવા લાગ્યા. એનુ શીયળ ક્યારે જોખમાય એ કહેવાય નહીં. જ્યારે વિધવા નારી ચાંદલો કરે ને નાકમાં પણ પહેરે, એટલે વિધવાપણાની કોઈ શાન ન રહે.

પણ ત્યારે જો નારી યુવાનીમાં વિધવા થાય તો ફરી વિવાહ કરતી થઈ ગઈ છે, એ એક સારી વાત છે. યુવાનીમાં વાસનાના કીચડમાં પગ ન પડે. વળી લંપટ લોકોની વાસનાની શિકાર ન બને.

આજે પોતાને સુધારાવાદી માનતા લોકોએ વિધવા નારીનાં તિલક ને નથડીને પ્રોત્સાહન આપ્યુ જે સંયમની દૃષ્ટિએ ખોટું જણાય. જ્યારે સારા, સમજુ માનવોને આ વાત અણીયલ કાંટાની માફક ખૂંચવા લાગી.

હકિકતમાં કચ્છી વીસા ઓસવાલ સમાજના સજ્જનોએ આ વાત ઉપર વિચાર વલોણું કરવાની જરૂરત છે અને એ સમાજને સત્ય રાહે દોરી જવાની જરૂરત છે. આ મારા વિચારો છે. બાકી તુંડે તુંડે મતિ ભિન્ન.

- ધનજી કાનજી છેડા ‘લઘુગોવિંદ’

# ઊર્મિલહર



સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

ગ્યે મેંણેં પાં પાંજી અખર - જાત્રા મેં ''વન'' મેં આંટો ડિનૂં. વન - (૧) જંગલ (૨) ઉંમરનો છઠ્ઠો દસકો તે વન - (૩) રંગ (૪) રોનક ઈ ટોટલ ચાર અરથ પધરાક્યા. હાણે વરી ''વન'' મેં બ્યો આંટો ડીયૂં!

૧) વનચર વિ. વનચર; વનમાં રહેનારું (adj) living in forest.
   (વાક્ય) હેણ હિકડો વનચર પ્રાણી આય, માડુએંકે ડિસી ધ્રિજીને ભજી વિઞે!

૨) વનફર/વનફડ પું. વનવગડામાં થતું ફળ (m.) fruit.
   (વાક્ય) રામ ચોડો વરે વનમેં વા તેંર ઉનીકે વનફડેં તેં જ ગુજારો કેણૂં ખપ્યો!''

૩) વનવટ વિ. સર્વોત્તમ; શ્રેષ્ઠ. adj best
   (વાક્ય) ''માડુ, વનવટ આય, ઈ ચૌધો તેંમેં ફરક નઈ પ!''

૪) વનવટ વિ. સચોટ adj Perfect.
   (વાક્ય) ઈ માડૂ એંડો આય જે ઈનજી ગાલ વનવટ જ વે.

**પનપટી** : 'વન' જી ગાલ આવઈ, ''વનફડ'' જી ગાલ આવઈ ત હિકડો હાલેણૂં સંભરી આયો:

**હીલા હીલા બાલૂડા...**

હીલા હીલા બાલૂડા હીલા રે
તોજી વાડીય મેં વનફડ નીલા
બાલૂડા હીલા રે
હીલા હીલા બાલૂડા હીલા રે

તોજ્યૂં ગોંયૂં ચરેં ઘા નીલા
બાલૂડા હીલા રે
હીલા હીલા બાલૂડા હીલા રે

તોંજે પીંધે પોપટડા નીલા
બાલૂડા હીલા રે
હીલા હીલા બાલૂડા હીલા રે

તોંજે કિપાર તેં કેસરીયા ટીલા
બાલૂડા હીલા રે
હીલા હીલા બાલૂડા હીલા રે

ભલેં તડે મિલોં તા !!

**આંજો વિશન**
**મો.: ૯૮૨૦૪૫૬૮૯૯**

## 'જગડુશા દાતાર'

જગમાં લે છે નામ તારા, સૌ લોક સાંજ સવાર,
દુકાળિયાના એ દિવસો, દૂર કર્યા તેં પાર!

કામણગારા કચ્છની થઈ, નામ કીર્તિ અપાર,
ભદ્રાવતીનો ભવ ભૂમતો, થયો જગડુ દાતાર,

દુકાળ પડ્યા કાળજાં કંપ્યાં, બધે જ હાહાકાર!
અનાજનો દાણો પણ ત્યાં, કોઈ પામે નહીં નરનાર.

આવામાં રાજાને વિનંતી કરવા, જગડુ ગયો દરબાર,
કહે રાજાને લઈ લો મારા, એ અનાજના કોઠાર.

વાંટી નાખો એ લોકોને, બાજરી ઘઉં જુવાર,
ઘરવાળા પણ અનાજ લેવા, ઊભા રહે કતાર!

ધન્ય થઈ આ માતૃભૂમિ, ને ધન્ય એ જણનાર,
રાજા પણ જોતો રહ્યો, હતો એવો દિલદાર.

કરવાતો નથી કોઈને અહીંયાં? 'પ્રેમ' સારા કામ ચાર!
પીળાં ટીલાં લગાડીને, શું થાશે એ ભવપાર?

કંઈક શક્તિ આપજે, જગડુ કરીએ સારા વિચાર,
કળયુગના આ નરકમાંથી, સૌનો થાય બેડો પાર.

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## જીયણાજે અંધર

ઝાલર વૅ તિત જ્યોત વૅ,
જ્યોત વૅ તિત મંધર વૅ,
સાર સંસાર મેં ઈજ આય 'તેજ'
ઈ મિડે જીયણ જે અંધર વૅ !

## એકાંત, ભીતરની દુનિયા

એકાંત કરતાં વ્હાલું એ, માણસ સફળ સર્જક બને!
ખુશ રે જ મનથી એવાં કે, સઘળે એ જઈ, ગુંજન કરે!

પોતાની એક દુનિયા સુંદર, માણસ બનાવી એ જિવે,
એકાંતને, જે ચાહે ! માણસ માત્ર એ નિર્મળ મળે.

એકાંતથી ભીતરની, દુનિયા થાય એ જાગૃત બહુ
સંગીતથી જોડાય કોઈ, કોઈનું, નર્તન ખીલે!

ના કરતાં એ પંચાત કદી ના હોય રસ નિંદામાં પણ!
મિત્રોમાં હરદમ એમનું! એક ભાવનું, વર્તન દિસે.

સર્જન જે કરતાં, બેસે ના, હંમેશાં રે મન ચાલતું!
શીખતાં રહે, લખતાં રહે, રાખી જ દે ફુર્સત પરે.

ને ગમતી લાગે વ્યસ્તતા, હું આ કરું કે તે કરું!
કરતાં રે ગમતું ને, કોઈ પર 'મંજુ' ના નિર્ભર રહે.

**- મંજુલા શાંતિલાલ રાંભિયા - મંજુ**
મો. : ૯૩૨૧૫ ૪૪૪૪૨
મુંબઈ મુલુંડ

## કુટીએ પેઆ કિપાર

ફેસન જે રંગમેં
વેઆ આકાયજા આચાર,
વડિલ વિચાડા નેઆરે કરે
કુટીએ પેઆ કિપાર,

## નિમજો જાડ - ગીત

મૂંજે અડણ નિમજો જાડ,
ક પંખીડા કિલબિલ કઈએં.
ટર્યો અડણાજો સુઅકાર,
ક મોરલા ટઊકા કઈયેં... મૂંજે

મૂં હીંચકો બધ્યો નિમ ટાર,
ક ભાજી ભેંણ હેતેં જુલેં.
ફૉરેં ફુલડેજી બુસકાર,
ક વાસરે પન પન ડુલે.. મૂંજે

પખીજા મારા રૂપાડા ઘાટ,
ક ગૂંથણી કસભીધાર,
સિજેં સોનેરી જગમગાટ,
ક અડણ માંકમોતી પાણીધાર....મૂંજે

મૂં હેકલઢારીયે ખટ ઢાર્યો,
ક હિરખજો સા ભરીયાં.
'કુસુમ' અખીયેં સૉણલો નેર્યો,
ક પિરભૂ ગુણ ગાન ગાઈયાં.. મૂંજે

**કુસુમ ગાલા...'કુસુમ'.**
ભોજાય

## લાગ મેં નઈયું

બુસ્કાર કીં ડીયું ફુલેંજે ભાગમેં નઈયું,
કુરો સુણધા અસાં વટા અઇસીં રાગમેં નઈયું
અસાં મેં તાં હાણે ડોસ જેંડો કીં નાય 'તેજ'
આસરેઆ વિઠા અઈયું લાગમેં નઈયું.

કચ્છી રચના

## આંગર ઉંચી કઈયેં

વેર-જેર કે છડ્યાં વેં, ઊ આંગર ઉચીં કઈયેં,
સકર જેડા ભર્યા વેં, ઊ આંગર ઉંચી કઈયેં.

કુવા, હોજ, અવાડા, તરા નેર્યા ગામોગામ,
ધિલડા જેજા ધરિયા વેં, ઊ આંગર ઉચીં કઈયેં.

સિજ આકરો મથે તપે, નેં કંઢે વારી વાટ,
ખૂલા પગજા તરિયા વેં, ઊ આંગર ઉચીં કઈયેં.

રખે નં કોય ગાલ મગજમેં, ખારી, ખોટી, કડસી,
છત જે ભધલે નરિયા વેં, ઊ આંગર ઉચીં કઈયેં.

પધ, પૈસો, પ્રતિષ્ઠા પુઠિયા 'જીનલ' ધોડાધોડી,
મોભત પુઠિયા ચર્ચા વેં, ઊ આંગર ઉચીં કઈયેં.

**અંકિતા મારુ 'જીનલ'**
કાંદિવલી - લાખાપર

## ઓય રે સખી!

ઓય રે સખી! તારાં સપનાં સળવળે!
ઓય રે સખી! તારા ઝાંઝર રણઝણે!

ઓય રે સખી! ભીની ભીની વાત!
ઓય રે સખી! આવી માઝમ રાત!

ઓય રે સખી! પાણી વહે છે ખળખળ
ઓય રે સખી! છીપમાં મોતી ઝળઝળ!

ઓય રે સખી! નામ તારું ઘેરી વળે!
ઓય રે સખી! પતંગિયા આવી મળે!

ઓય રે સખી! ચાંદની ખીલી ભરપૂર!
ઓય રે સખી! ભીતર બે કાંઠે પૂર!

**- વિનોદ માણેક, ચાતક**
અંજાર કચ્છ

# રતુડેજા તરંગ અને સટોડીએંકે ઉપદેશ

**(રાગ-કાફી)**

રતુંડો હરામી ચોવાણું, જેંકે ઝલે નતો નાણું,
ધંધો ધાંઇજો છદે દને, પોએ સટે તેં મંઢાણું... રતુડો૦...૧

ચીંચબંદર છદેએં, ભાંત બજાર છદેએં,
પતરપાજી સામાણું, પોએ મુંભઝાદેવી તેં થાણું... રતુડો૦...૨

એ છકે પજેંજા વેપાર શખેઓ, પોએ ફોરમરેંજો ટાણું,
દાળભાતનાં ધોસમણ થઇ, સીંગલ ચાએ તેં મંઢાણું... રતુડો૦...૩

કરમી કુળમેં ધંધો શખેઓ, પોએ અકરમી ચોવાણું,
વેવાર પંઢજો ધંધો વેંધો રેઓ, એળો તાં સામાણું... રતુડો૦...૪

કોટમકબીલે કે વલો નાયને. એળે આવ્યો ટાણું.
ઘરજી ખરવખરી ખાય વેઓ, ને અનાં નાએં ધ્રાણું... રતુડો૦...૫

પંઢજે ધરમતે પત નાએ, ને ફકીર ફોકરેં તેં મંઢાણું.
પગ ચાંપીંધે ગાર દંને, દઠે ખટેએજો ટાણું... રતુડો૦..૬

સજો દીં ગણાત્રી કેએ, ચીતમેં કોએ ન ઠસાણું,
સવારજા જડેં ફીચર સોએં, તદે ધોંખેજો ટાણું... રતુડો૦...૭

માટે મનમેં અઈં સમજીને, મં કજા ઇ વેપાર,
સચી ચાંરે આકે ખારો લગાં, પોએ ઇ અચે ટાણું... રતુડો૦..૮

સંવત ૧૯ ત્રાણુઓ, ને કારતક આએ મેણું,
જોકો ભંધો ઈ ધંધો શખેઓ, તેં જો કદાં નાએ ઠેકાણું... રતુડો૦..૯

ચંઇ પઇસેં મુંજી કાફી મનજા, મુંજો ખટેએજો આય ટાણું,
રતુ ચેરે મુંજે કરમેં મોઠાં, તદેં હી આયો ટાણું... રતુડો૦...૧૦

**લિ. રતુ ભાચ્છા**

(રતુ ભાછા જા કાવ ઈતરે ચોટધાર - ચુટી ગાલ, ગાલ ન પણ ગલૉલૉ..
પેશ આય... હિકડો નિમૂનૂં સૌજન્ય : નરેન્દ્ર ગડા, ગુંદાલા)

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ ઑક્ટોબર ૨૦૨૪ થી તા. ૩૧ ઑક્ટોબર , ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ✿ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| વીરજી રવજી કાનજી ગાલા | ૮૩ | દેવપુર | શિવરી |
| જયેશ કોરશી મેઘજી બૌઆ | ૫૭ | નાની તુંબડી | વિદ્યાવિહાર |
| નરેશ દામજી વીરજી વોરા | ૭૩ | નવીનાર | હૈદરાબાદ |
| અમૃતબેન ઉમરશી ચના છેડા | ૮૧ | વડાલા | બોરીવલી |
| દમયંતી દિનેશ ગણપત ગાલા | ૬૮ | ગોધરા | મીરા રોડ |
| જતીન (બચુભાઈ) આણંદજી છેડા | ૭૪ | મોટા આસંબિયા | વિલે પાર્લે |
| શાંતાબેન કેશવજી કાનજી મારુ | ૯૧ | લાખાપુર | મદુરાઈ |
| મા. હેમીબાઈ દામજી ગાંગજી છેડા | ૯૩ | કારાઘોઘા | અડાલજ |
| મીના દામજી પ્રેમજી ગડા | ૬૮ | ટુંડા | ડોંબિવલી |
| વશનજી પુનશી વેલજી છાડવા | ૭૧ | માપર | સાંતાક્રુઝ 👁 ✿ |
| ધનજી મોણશી પદમશી સતિયા | ૯૩ | નાની તુંબડી | બોરીવલી |
| ચંપાબેન ધીરજ નેણશી ધરોડ | ૭૪ | નવીનાર | ઘાટકોપર |
| પ્રફુલ્લ નાનજી લાલજી ગડા | ૫૮ | નવાવાસ | ડોંબિવલી |
| સુશીલાબેન લક્ષ્મીચંદ રામજી ગાલા | ૮૩ | સાડાઉ | થાણા |
| હંસરાજ વેરશી ખીંયશી શાહ (સાવલા) | ૯૨ | દેશલપુર (કંઠી) | કાંદિવલી |
| કિશોર લક્ષ્મીચંદ હીરજી ગડા | ૬૬ | મંજલ રેલડિયા | ડોંબિવલી |
| નીરૂબેન વસંતલાલ રવજી લાલન | ૭૨ | કોડાય | કોડાય |
| પ્રેમજી શામજી જખુ છેડા | ૭૭ | મોટા કાંડાગરા | મુલુંડ |
| કલ્પેશ હિંમતલાલ રતનશી દેઢિયા | ૪૬ | ભુજપુર | નાલાસોપારા |
| અ.સૌ. તારામતી રમેશ ધારશી શાહ/સતરા | ૬૯ | ગુંદાલા | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કંચનબેન હરિલાલ વેલજી છેડા | ૭૩ | પત્રી | ડોંબિવલી |
| કાંતિલાલ કાનજી પદમશી સાવલા | ૭૪ | તુંબડી | નાશિક |
| દામજી ચનાભાઈ ખીમજી છેડા | ૭૯ | ગોધરા | વરલી |
| નવીન હીરજી શિવજી ભેદા | ૮૬ | ભુજપુર | માટુંગા |
| નીતિન દામજી ગાંગજી મોતા | ૫૬ | ભુજપુર | સાંગલી |
| મહેન્દ્ર લખમશી નાગશી સંગોઈ | ૬૭ | સાડાઉ | મુલુંડ |
| ભચીબેન મણશી કાનજી છેડા | ૯૮ | ભચાઉ | ફોર્ટ |
| ખુશાલચંદ કુંવરજી લાલજી ગાલા | ૭૯ | દુર્ગાપુર | લાલબાગ |
| પ્રકાશ હીરજી રવજી ગંગર | ૭૦ | નાંગલપુર | ખારઘર |
| મા. રસિકબાળા પોપટલાલ કાનજી સતરા | ૮૦ | ગુંદાલા | બોરાબજાર ફોર્ટ |
| મગનલાલ નાગજી દેવરામ તેજાણી (કેનિયા) | ૯૨ | દેશલપુર | કાંદિવલી |
| ક્રિશા જિનેશ કિર્તી છેડા (ઉ દિવસ ૭૧) | | ગોધરા | ડોંબિવલી |
| નિખિલ મણિલાલ નાનજી ગડા | ૬૦ | રાયણ | ડોંબિવલી |
| દેવચંદ મેઘજી કરમશી ફુરિયા | ૮૪ | તલવાણા | થાણા |
| કંકુબેન દામજી હીરજી દેઢિયા | ૯૦ | ગજોડ | કાંદિવલી |
| વિનોદ લખમશી ભાણજી નાગડા | ૬૦ | મોથારા | નાલાસોપારા |
| અનિલ વિશનજી ખેતશી દેઢિયા | ૬૧ | શેરડી | બોરીવલી |
| ચંચળબેન ચીમનલાલ રાયશી વિસરિયા | ૭૮ | કુંદરોડી | નાલાસોપારા |
| રતિલાલ ભાણજી વીરજી હરિયા | ૮૨ | બાડા | ઘાટકોપર 👁 |
| મુકેશ ભોગીલાલ વીરજી દેઢિયા/શાહ | ૫૯ | ભુજપુર | ઠાકુરદ્વાર 👁 |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| વિમલા પ્રેમજી કાનજી હરિયા | ૮૦ | મોટા લાયજા | માટુંગા |
| દામજી ચંદ્રભુજ છેડા | ૮૬ | મોટા લાયજા | અંધેરી |
| મુલબાઈ મુરજી ચાંપશી વોરા | ૯૪ | નવીનાળ | સાંતાક્રુઝ |
| ગં. સ્વ. રીટાબેન રોહિત હંસરાજ સાવલા | ૬૬ | મોટા આસંબિયા | કોલકાતા |
| મા. ચંચળબેન હરશી લખમશી દેઢિયા | ૯૪ | પ્રાગપુર | થાણા |
| મણિલાલ ગાંગજી ઉમરશી દેઢિયા | ૭૭ | ગોધરા | અંધેરી |
| મા. વિમળાબેન ખીમજી લાલજી વીરા | ૮૨ | દેશલપુર (કંઠી) | દેશલપુર (૪૭) |
| સુંદરબેન પ્રેમજી વીરજી દેઢિયા | ૮૫ | પુનડી | પુના |
| વિમળાબેન પોપટલાલ રામજી સૈયા | ૭૩ | કારાઘોઘા | ગોરેગામ |
| લીલાવંતી વસનજી ખીમજી સૈયા | ૭૭ | કારાઘોઘા | તાડદેવ |
| રાજેશ લખમશી ગાંગજી મારુ | ૬૧ | લાખાપુર | થાણા |
| સુધા શામજી રામજી ગાલા | ૭૦ | ફરાદી | અમદાવાદ |
| મગનલાલ માલશી નરશી દેઢિયા | ૮૫ | ભુજપુર | ડોંબિવલી |
| કિશોર જેવત કેશવજી છેડા | ૬૬ | નાની તુંબડી | પરેલ |
| મા. જેતબાઈ તેજશી મુરજી સાવલા | ૮૭ | ડુમરા | ઘાટકોપર |
| જયેશ કુંવરજી પુંજા મામણિયા | ૬૧ | ડેપા | છિંદવાડા (MP) |
| રસીલાબેન (લુણીનાં ભાનુમતી તલકશી વશનજી ગલિયાની પુત્રી) | ૬૯ | — | વિલે પાર્લે |
| માવજી વેલજી ગોવર ગડા | ૮૭ | કોડાય | થાણા |
| શાંતિલાલ હીરજી ઉમરશી બોરીચા | ૭૦ | દેશલપુર (કંઠી) | મલાડ |
| વિનોદ મોરારજી શામજી દેઢિયા | ૭૩ | પત્રી | મલાડ |
| મા. નિર્મળાબેન નાગજી શિવજી દેઢિયા (પેથાણી) | ૮૩ | બિદડા | મુલુંડ |
| અમૃતબેન દેવજી હંસરાજ ગાલા | ૯૧ | છસરા | બોરીવલી |
| મણિબેન મણિલાલ ખીમજી પાસડ | ૮૦ | દેઢિયા | છત્તીસગઢ |
| હેમચંદ પ્રેમજી રાયશી છેડા | ૮૩ | કાંડાગરા | થાણા |
| ખેતશી (બાબુ) પુંજા છેડા | ૯૯ | નાના ભાડિયા | વાશી |
| પ્રભાવતી વસંતલાલ ભવાનજી સાવલા | ૬૮ | વડાલા | નાલાસોપારા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શાંતિલાલ દામજી કુંવરજી ગાલા | ૭૭ | સમાઘોઘા | મલાડ |
| લખમશી જીવરાજ વેરશી સોની | ૯૦ | બાંભડાઈ | ડોંબિવલી |
| મા. હેમલતાબેન ઝવેરચંદ લાલજી ગડા | ૯૨ | રાયણ | દાદર |
| કંકુબેન પ્રેમજી પાસુ કક્કા | ૯૬ | વાંકી | વાંદરા |
| કેવલ હરખચંદ લખમશી મારુ | ૩૬ | પુનડી | દહિંસર |
| અ.સો.કુસુમબેન હરિલાલ શામજી શેઠિયા | ૭૫ | વડાલા | સાંતાક્રુઝ |
| કુસુમબેન શાંતિલાલ વીરજી ગાલા | ૬૬ | સાડાઉ | ડોંબિવલી (ઉ૪) |
| અરવિંદ માવજી વેલજી ગાલા | ૭૬ | સમાઘોઘા | કાંદિવલી |
| રાજેશ કેશવજી નરસી મારુ | ૪૨ | બિદડા | બોરીવલી |
| મણિબેન રવજી વેરશી દેઢિયા | ૯૦ | નાંગલપુર | મલાડ |
| સાકરબેન પોપટલાલ પ્રેમજી દેઢિયા | ૧૦૬ | કપાયા | દાદર |
| કેવલ સતીશ ગુલાબચંદ ગાલા | ૨૪ | લાખાપુર | ડોંબિવલી |
| નાનજી ગાંગજી ખીંયશી સાવલા | ૮૪ | નાંગલપુર | લોઅર પરેલ |
| મા. ભાણબાઈ દામજી શામજી મોતા | ૮૮ | નવાવાસ | નાલાસોપારા |
| મા. કુસુમબેન રામભાઈ લખમશી સાવલા | ૯૦ | નવાવાસ | કૅમ્પ્સ કૉર્નર |
| દેવજી ગાલા પુંજા સાવલા | ૯૪ | ભારાપુર | નાલાસોપારા |
| સેવંતીલાલ કલ્યાણજી પુનશી ગંગર | ૭૪ | મેરાઉ | મુલુંડ |
| મુરજી ખીમજી દેવજી રાંભિયા | ૮૪ | ગુંદાલા | થાણા |
| મા. લક્ષ્મીબેન જેઠાલાલ મેઘજી છેડા | ૮૫ | બિદડા | માટુંગા |
| | | | |

**પ્રાર્થના રાખેલ છે**

| | | | |
|---|---|---|---|
| હેમાબેન પ્રેમજી ડુંગરશી સાવલા | ૭૭ | વાંકી | ડોંબિવલી |
| કસ્તૂરબેન દામજી નેણશી રાંભિયા | ૮૧ | રામાણિયા | પ્રભાદેવી |
| પ્રેમજી દેવજી મુરજી સતરા | ૮૯ | ગુંદાલા | દાદર |
| કલ્યાણજી કાનજી ભીમશી શાહ/બોરીચા | ૮૬ | વાંઢ | પ્રભાદેવી |
| રામજી નાનજી વેલજી ગંગર | ૯૬ | નાંગલપુર | દાદર |
| નવીનચંદ્ર મોરારજી કેશવજી કેનિયા | ૮૧ | બારોઈ | સાંતાક્રુઝ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| ફિલિપ હિતેનચંદ મોરારજી શાહ/દેઢિયા | ૫૧ | નાની ખાખર | માટુંગા |
| જગદીશ ખીમજી મેઘજી બૌઆ | ૬૩ | તુંબડી | ડોંબિવલી |
| લક્ષ્મીબેન વિશનજી રાઘવજી ભેદા | ૮૨ | વડાલા | ગાંધીધામ |
| પ્રેમચંદ ચુનીલાલ માવજી રાંભિયા | ૬૫ | નાના ભાડિયા | મલાડ |
| ભરાનજી રાયશી મુરજી ગોસર | ૮૨ | દેવપુર | વડાલા |
| રમીલાબેન યુપીન શામજી છેડા | ૭૨ | ગોધરા | પુના |
| ચંદ્રકાંત કેશવજી કુંવરજી ફુરિયા | ૭૮ | બિદડા | બોરીવલી |
| દમયંતી કાંતિલાલ ભવાનજી ગડા | ૭૨ | બાડા | વલસાડ |
| સોનબાઈ ઉમરશી વીરજી ફુરિયા | ૮૬ | મેરાઉ | થાણા |
| વલમજી કુંવરજી રામજી ગોગરી | ૮૪ | પત્રી | અંધેરી |
| ઊર્મિલાબેન જાદવજી કુંવરજી ગાલા | ૯૨ | સમાઘોઘા | નાંદેડ |
| હેમલતા પ્રેમજી હીરજી છેડા | ૭૭ | કાંડાગરા | અંધેરી |
| મા. મકાબેન વીરજી વેરશી શેઠિયા | ૧૦૩ | પ્રતાપર | દહિંસર |
| જયંતીલાલ લાલજી નરસી શાહ/ગડા | ૮૨ | ભીંસરા | અંધેરી |
| જયંતીલાલ મોરારજી વેલજી સૈયા | ૮૨ | ગેલડા | ડોંબિવલી |
| લતા શાંતિલાલ દેવજી ગાલા | ૫૭ | ગુંદાલા | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| કલ્પના હરખચંદ રવજી પોલડિયા | ૬૩ | તલવાણા | અમદાવાદ |
| સુરેશ દેવરાજ દેવજી ગાલા | ૫૭ | મકડા | મુલુંડ |
| જયાબેન જાદવજી કેશવજી ગાલા/ઈશરાણી | ૮૩ | વડાલા | પરેલ |
| હસમુખ નાનજી આસુ દેઢિયા | ૬૬ | ગઢશીશા | માટુંગા |
| ગંગાબાઈ રતનશી મેઘજી ગડા | ૯૧ | સાભરાઈ | ગોરેગામ |
| દેવજી હીરજી ગોસર ગાલા | ૯૦ | મકડા | માટુંગા |
| દુર્ગાબેન ટોકરશી ભવાનજી સાવલા | ૮૬ | ગુંદાલા | દાદર |
| રીતેશ પોપટલાલ દામજી છેડા | ૫૭ | દેશલપુર (કંઠી) | માટુંગા |
| મા. દેવકાબેન જગશી પદમશી છેડા | ૮૪ | વાંકી | મુલુંડ |
| શ્રીમતી જવેરબેન જગશી ભોજરાજ જાગાણી | ૮૦ | માપર | વિલે પાર્લે |
| પંકજ ચીમનલાલ કુંવરજી રાંભિયા | ૬૨ | સમાઘોઘા | હૈદરાબાદ |
| ભવાનજી વેરશી દેવજી શાહ/રાંભિયા | ૮૫ | ગુંદાલા | લોઅર પરેલ |
| | | | |
| | | | |
| **કાળધર્મ પામેલ છે.** | | | |
| પૂ. સોભનાજી મહાસતીજી | ૮૭ | | |

પોતાની જાત પર વિશ્વાસ રાખો સાહેબ,
એક દિવસ એવો પણ આવશે,
જ્યારે ઘડિયાળ બીજાની હશે,
અને સમય આપણો હશે.

❂

કિંમત ના હોય ત્યાં વહેંચાવું નહીં.
અને કદર ના હોય ત્યાં ઘસાવું નહીં !

❂

લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા
કારણકે સફળતા શરમથી નહીં
સાહસથી જ મળશે !

વિશ્વમાં સૌથી સુખી લોકોને એ સમજાયું છે કે,
બીજા પાસેથી કંઈપણ અપેક્ષા રાખવી નિરર્થક છે !

❂

આપણાં કર્મોની ભૂલ આપણને ક્યાં દેખાય છે.
એટલે જ તો જ્યોતિષને પૂછવું પડે છે કે શું નડે છે !

❂

જીવનમાં ભૂલ થાય એ ખોટું નથી પણ,
એ ભૂલમાંથી કંઈ જ શીખાય નહીં એ ખોટું છે !

❂

ક્ષમા આપવી એ ઉત્તમ છે,
પણ ભૂલી જવું એ એના કરતાંય વધુ ઉત્તમ !

network techlab
Adding Values to Work

# જો તમારો વ્યવસાય આસમાને પહોંચી રહ્યો છે, તો તમારું ડેટા સેન્ટર હજુ જમીન પર કેમ છે ?

આજે જ ક્લાઉડ આધારિત ડેટા સેન્ટર પર સ્વિચ કરો નેટવર્ક ટેકલેબ સાથે !

## Get Complete Cloud Services

- Cloud Computing
- Cloud Storage
- Domain & Cloud Hosting
- Disaster Recovery
- Virtual Server
- Atmosvault backup service

## ડેમો માટે અમને સંપર્ક કરો !

+91 8879004536 info@netlabindia.com www.netlabindia.com | Find us on :

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) DECEMBER 2024 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ
75
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

